# આત્મ-જાગ્રતિ

APRIL-2013



ચૈતન્યપ્રકાશની ઝળહળ જ્યોતિરૂપે રહ્યો થકો તું કદી પણ રાગ–અંધકારરૂપ થયો જ નથી. માટે, સર્વ પ્રકારે એકવાર પ્રસન્ન થા...પ્રસન્ન થા. રાગના અનુભવમાં પડ્યો છે તે છોડીને ચૈતન્ય આનંદના અનુભવમાં આવી જા. તારા આત્મસ્વભાવને અવલોકવા માટે એકવાર સર્વપ્રકારે પ્રસન્નતાપૂર્વક તારા વીર્યને ઉછાળ. તને આનંદનો લાભ થશે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ મહાસાગરના અણમૂલા રત્નો

✻ નિશ્ચયનયસે દેખા જાવે તો યહ મેરા આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત શુદ્ધ હૈ. મેરા આત્મા હી શુદ્ધાત્મા હૈ. ઈસ દેહકે ભીતર વિરાજમાન હૈ તથાપિ મૂર્તિક દેહ રહિત અમૂર્તિક હૈ. યહ મેરા આત્મા હી નિશ્ચયસે પરમાત્મા હૈ. ૪૩.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૪૮)*

✻ હે યોગીન્! મોક્ષ પ્રાપ્ત કરનેમેં શુદ્ધાત્મા ઔર જિનભગવાનમેં કુછ ભી ભેદ ન સમજો—યહ નિશ્ચય માનો. ૪૪. *(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૦)*

✻ મેરા આત્મા નિશ્ચયસે અપને હી સ્વભાવમેં રહતા હૈં, મેરા આત્મા હી પરમાત્મારૂપ હૈ. ઈસી ભાવસે રાગકા ક્ષય હો જાતા હૈ તથા વીતરાગ શુદ્ધ કેવલજ્ઞાનમય સ્વભાવ ઝલક જાતા હૈ, ફિર શેષ કર્મોંકો ક્ષય કરકે યહ નિર્વાણ ચલા જાતા હૈં. ૪૫ *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૫૩૩)*

✻ જૈસા કેવલજ્ઞાનાદિ પ્રગટસ્વરૂપ કાર્યસમયસાર ઉપાધિરહિત ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મરૂપ મલસે રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ સિદ્ધ પરમેષ્ઠી દેવાધિદેવ પરમ આરાધ્ય મુક્તિમેં રહતા હૈ, વૈસા હી સબ લક્ષણો સહિત પરબ્રહ્મ, શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ પરમાત્મા, ઉત્કૃષ્ટ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિરૂપ પરમાત્મા શરીરમેં તિષ્ઠતા હૈ, ઈસલિએ હે પ્રભાકર ભટ્ટ! તૂ સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર. ૪૬. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા–૨૬)*

✻ જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું–ભોગવતું નથી, દેખે જ છે), તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે. ૪૭.

*(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૩૨૦)*

✻ 'શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં) શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૪૮.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર ટીકા, શ્લોક–૭૩)*

✻ પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવમાં સંવર જ નથી તેથી સંવરના વિકલ્પ રહિત આત્માનું શુદ્ધભાવપૂર્વક નિરંતર ચિંતવન કરવું જોઈએ. ૪૯.

*(શ્રી કુંદકુંદાચાર્ય, બાર ભાવના, ગાથા–૬૫)*




દ્રવ્યદૃષ્ટિ–માર્ગપ્રકાશક

# ગુરુ કહાન : ઉપકાર મહાન



*** જેવી રીતે ભવ્યજીવોના આત્મોદ્ધારનું ઉપાદાન તૈયાર થતાં તીર્થંકરનો યોગ બને જ;**

તેવી રીતે મુમુક્ષુજીવોના આત્મોદ્ધારની યોગ્યતા તૈયાર થતાં સીમંધરસ્વામીની ધર્મસભામાં દિવ્યધ્વનિનું શ્રવણ પાન કરીને ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીનો ભારતમાં યોગ બન્યો.

*** જેવી રીતે ભવ્યજીવોના ભવાંત માટે વિના પ્રયત્ને ભગવાનની દેશના છૂટે અને ગામોગામ વિહાર થાય;**

તેવી રીતે મુમુક્ષુઓના મિથ્યાત્વ–નાશ અર્થે ૪૫–૪૫ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીનો અકારણ કરુણાથી અધ્યાત્મ–અમૃતવાણીનો ધોધ વરસ્યો ને દેશ-વિદેશમાં વિહાર થયો.

*** જેવી રીતે ભગવાનના સમવસરણમાં આવનાર સર્વે ભવ્ય જ હોય;**

તેવી રીતે આવા હુંડાવસર્પિણી પંચમકાળમાં જિજ્ઞાસાથી બહુમાનપૂર્વક

**પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનભાવનો અભાવ છે.**

ગુરુવાણીનું શ્રવણ-મનન-ચિંતન કરનાર મુમુક્ષુઓ અલ્પકાળે મોક્ષ જનાર ભવ્ય જ હોય.

* **જેવી રીતે ભગવાનની વાણીનું શ્રવણ કર્યાં પહેલાં જ અભિમાનીનું માન ગળી જાય ને ભગવાનનો ભક્ત બની જાય;**

તેવી રીતે ગુરુવાણીનું સાક્ષાત્ શ્રવણપાન કર્યા પહેલાં જ ગુરુ-દર્શનમાત્રથી વિરોધ કરનાર પણ ગુરુદેવના ભક્ત બની જતાં.

* **જેવી રીતે ભગવાનને કેવળજ્ઞાનમાં ભાસે તેવું જ તેઓની વાણીમાં આવે, વાણી ભગવાનના જ્ઞાન-અનુસારિણી જ હોય;**

તેવી રીતે ગુરુકહાનને જેવું સ્વાનુભૂતિમાં ભાસ્યું તેવું જ તેઓની વાણીમાં આવ્યું. દેશના સ્વાનુભવ-અનુસારિણી જ આવતી, તેથી તેઓશ્રીએ જે કાંઈ કહ્યું-ઉપદેશ્યું તે બધું સ્વાનુભવનો માર્ગ પ્રકાશનાર જ છે.

* **જેવી રીતે ભગવાનની વાણીમાં જે આવે તેવું જ સત્ય ભવ્ય જીવો સમજી લ્યે; વાણીનો અર્થ સમજવા અન્યની જરૂર ન પડે તેમ જ અન્યથા સમજે એવું પણ ન બને;**

તેવી રીતે ગુરુ-કહાનની ધોધમાર વરસતી દેશનામાં જે કાંઈ આવ્યું તે આત્માર્થી મુમુક્ષુઓ સમજી લેતાં; વાણીનો કોઈ એવો સાતિશય પ્રભાવ હતો કે આત્માર્થી મુમુક્ષુઓને સમજવામાં પરાધીનતા કે મુંઝવણ થતી નથી.

* **જેવી રીતે દેવ હો, મનુષ્ય હો કે તિર્યંચ હો—બધાય ભગવાનની વાણી સમજી લેતાં; સમજવામાં કોઈને કઠિનાઈ ન પડે એવો જ વાણીનો ચમત્કારિક પ્રભાવ હોય;**

તેવી રીતે ચાર ચોપડી ભણેલો હો, અભણ હો કે વૃદ્ધ હો, કોઈને પણ ગુરુવાણીનું હાર્દ સમજવામાં કાંઈ પણ મુંઝવણ થતી નથી એવો જ કોઈ ગુરુવાણીનો ચમત્કારિક પ્રભાવ છે.

* **જેવી રીતે ભગવાનની દિવ્યધ્વનિ છૂટવી શરૂ થયા બાદ ભગવાન મોક્ષ પ્રાપ્ત કરે ત્યાં સુધી દિવ્યધ્વનિ નિયમિત છૂટતી જ રહે;**

તેવી રીતે ઉપકારી કહાનગુરુની અધ્યાત્મ-અમૃત-વાણીનો લાભ તેઓશ્રીના સ્વર્ગારોહણપર્યંત (૪૫–૪૫ વર્ષો સુધી) મુમુક્ષુઓને એક ધારો મળતો રહ્યો હતો.

* **જેવી રીતે ભગવાનની ધર્મસભામાં ઇન્દ્ર, ચક્રવર્તી અને અનેક મહા પ્રતાપી પુણ્યવંત રાજાઓ આદિની ઉપસ્થિતિ હોય જ;**

તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભામાં સમાજના પ્રતિષ્ઠિત, પુણ્યવંતો, ધીમંતો, શ્રીમંતો ને વિદ્વત્‌જનોની ઉપસ્થિતિ રહેતી.

* **જેવી રીતે ભગવાનના મોક્ષ પછી પણ ગણધરદેવોથી માંડીને ધર્મધુરંધર આચાર્યદેવો પર્યંત પરંપરાએ ભગવાનની વાણી ટકી રહે છે;**

તેવી રીતે ગુરુ–કહાનની વાણી પંચમ–આરાના અંત સુધી તેઓશ્રીના ટેપ–પ્રવચનો ને પ્રવચન–સાહિત્ય દ્વારા પંચમ આરાના અંત સુધી ટકી રહેશે.

* **જેવી રીતે ભગવાનની ગેરહાજરીમાં પણ ધર્મકાળ વર્તે ત્યાં સુધી તે તીર્થંકર ભગવાનનું શાસન કહેવાય છે;**

તેવી રીતે ગુરુદેવશ્રીની ગેરહાજરીમાં પણ અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીનું નામ પંચમ–આરાના અંત સુધી દ્રવ્યદૃષ્ટિ–માર્ગપ્રકાશકના રૂપમાં અધ્યાત્મજગતમાં સદાય ગૂંજતું રહેશે.

* **જેવી રીતે તીર્થંકર ભગવાન એકલા મોક્ષે જતાં નથી પરંતુ તેમની સાથે થોકના થોક જીવો મોક્ષે જાય છે;**

તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષે પધારશે ત્યારે થોકના થોક જીવો મોક્ષ પામશે જ અને તે વર્તમાનના આ મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય હશે.

—આમ જેઓએ મુમુક્ષુસમાજ ઉપર તીર્થંકરની જેમ અનંત ઉપકારવર્ષા વરસાવી છે એવા ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૪મી જન્મજયંતી પ્રસંગે, તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનની ગહન ઉપાસનામાં જીવન વ્યતીત કરવાની કટિબદ્ધતાપૂર્વક, તેઓશ્રીના અકારણ અનંત ઉપકારના સ્મરણ સહિત તેઓશ્રીના ચરણોમાં મુમુક્ષુસમાજ વતી કોટિ કોટિ વંદન.

**દુનિયા દુનિયામાં રહી, તું તારું ભાન કરી લે.**

# હે જીવો! નિઃસંદેહપણે જાણો!

## રાગાદિ ચિદ્‌વિકાર ચેતન નથી

રાગાદિ ચિદ્‌વિકારને (-ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે; તેઓ ચેતન નથી, જડ છે. ***—શ્રી સમયસાર, કળશ-૪૪ ભાવાર્થ***

## રાગાદિભાવો જીવના લક્ષણ છે જ નહીં

નિશ્ચયથી વર્ણાદિભાવો—વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા—જીવમાં કદી વ્યાપતા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવના લક્ષણ છે જ નહીં.

***—શ્રી સમયસાર, કળશ-૪૨ ભાવાર્થ***

## ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે

...પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે-જડ છે. વળી, આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે... પુદ્‌ગલપૂર્વક થતાં હોવાથી તેઓ (ચૈતન્યના વિકારો) નિશ્ચયથી પુદ્‌ગલ જ છે; કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે. ***—શ્રી સમયસાર, ગાથા-૬૮ ભાવાર્થ***

## વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો પુદ્‌ગલની રચના જાણો

અહો જ્ઞાનીજનો! આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય એક પુદ્‌ગલની રચના જાણો; માટે આ ભાવો પુદ્‌ગલ જ હો, આત્મા ન હો....

***—શ્રી સમયસાર, કળશ-૩૯***

## ગુણસ્થાનપર્યંત ભાવો જીવના નથી

આ વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યાં છે તે વ્યવહારનયથી કહ્યાં છે; નિશ્ચયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે. ***—શ્રી સમયસાર, ગાથા-૬૦ ભાવાર્થ***

## તે બધાય પુદ્‌ગલજન્ય છે

આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (વર્ણાદિકથી માંડીને ગુણસ્થાનપર્યંત) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે. ***—શ્રી સમયસાર, કળશ-૩૬***

## ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે નિશ્ચયથી જીવના નથી

...માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.

***—શ્રી સમયસાર, ગાથા–૫૬***

## રાગ–મોહાદિક ભાવો (આત્માથી) ભિન્ન છે

જે વર્ણાદિક અથવા રાગ-મોહાદિક ભાવો કહ્યા તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે. ***—શ્રી સમયસાર, કળશ–૩૭***

## અશુદ્ધ પર્યાયો પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો

નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો. ***—શ્રી કળશટીકા, કળશ–૩૯***

## વિભાવ પરિણામો જીવસ્વરૂપથી 'ભિન્ન' છે

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુસ્વરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામ દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે. ***—શ્રી રાજમલ્લજી, કળશટીકા કળશ-૩૭***

## કર્મ દ્વારા ઉપજાવવામાં આવતાં જીવના કષાયાદિક પરિણામ

જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે. ***—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯***

## તે બધાં ચેતના રહિત અચેતન છે

જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે—અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે—તે બધાં ચેતના રહિત અચેતન છે. ***—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર-૨, શ્લોક-૪૯***

# ક્રમબદ્ધ : અકર્તાદૃષ્ટિની ઉપલબ્ધિ

## (૧૩) જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ અને તેમાં એક સાથે પાંચ સમવાય!

અજ્ઞાનીઓ કહે છે કે ''આ ક્રમબદ્ધપર્યાય માનો તો પુરુષાર્થ ઊડી જાય છે''—પણ એમ નથી. આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં કર્તાબુદ્ધિનું ખોટું અભિમાન ઊડી જાય છે ને જ્ઞાયકપણાનો સાચો પુરુષાર્થ થાય છે. જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ન કરે તેને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ સાચો નથી. જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ વડે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીને પર્યાય સ્વસન્મુખ થઈ ત્યાં એક સમયમાં તે પર્યાયમાં પાંચે સમવાય આવી જાય છે. નાટકસમયસારમાં પં. બનારસીદાસજી પણ કહે છે કે—

**टेक डारि एकमैं अनेक खोजैं सौ सुबुद्धि।**
**खोजी जीवै वादी मरै सांची कहवति है॥४५॥**

**दूराग्रह छोड़कर एकमें अनेक धर्म ढूँढना सम्यग्ज्ञान है। इसलिए संसारमें जो कहावत है कि 'खोजी पावे वादी मरे' सो सत्य है॥**

પુરુષાર્થ, સ્વભાવ, કાળ, નિયત અને કર્મનો અભાવ—એ પાંચે સમયવાય એક સમયની પર્યાયમાં આવી જાય છે.

## (૧૪) કાર્તિકેયાનુપ્રેક્ષા અને ગોમ્મટસાર કથનની સંધિ!

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં ગા. ૩૨૧-૨૨-૨૩મા સ્પષ્ટ કહ્યું છે કે જે સમયે જેમ થવાનું સર્વજ્ઞદેવે જોયું છે તે સમયે તેમ જ થવાનું, તેને ફેરવવા કોઈ સમર્થ નથી—જે આવું શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે ને તેમાં જે શંકા કરે તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે, તેને સર્વજ્ઞની શ્રદ્ધા નથી.

જે જીવ જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરતો નથી ને ક્રમબદ્ધપર્યાયનું ફક્ત નામ લઈને સ્વચ્છંદથી વિષય કષાયને પોષે છે તેને ગોમ્મટસારમાં ગૃહીત મિથ્યાદૃષ્ટિ ગણ્યો છે; પરંતુ જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને જે જીવ ક્રમબદ્ધપર્યાયને માને છે તે જીવને કાંઈ ત્યાં મિથ્યાદૃષ્ટિ નથી કહ્યો.

## (૧૫) એકવાર....આ વાત તો સાંભળ!

અહો! આત્માનો જ્ઞાનસ્વભાવ કે જેમાં ભવ નથી તેનો જેણે નિર્ણય કર્યો તે

**સુખને માટે પરનું દાસત્વ એ તો ભિખારીપણું છે.**

ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો, તેને ભેદજ્ઞાન થયું, તેણે કેવળીને ખરેખર માન્યા. પ્રભુ! આવું જ વસ્તુસ્વરૂપ છે ને આવો જ તારો જ્ઞાનસ્વભાવ છે. એકવાર આગ્રહ છોડીને, તારી પાત્રતા ને સજ્જનતા લાવીને આ વાત તો સાંભળ!

## (૧૬) રાગની રુચિવાળો ક્રમબદ્ધપર્યાય સમજ્યો નથી!

શ્રોતા :-આપ કહો છો કે ક્રમબદ્ધપર્યાય થાય છે તો પછી ક્રમબદ્ધપર્યાયમાં રાગ પણ થવાનો હોય તે થાય!

પૂજ્ય ગુરુદેવશ્રી :-ભાઈ! તારી રુચિ ક્યાં અટકી છે? તને જ્ઞાનની રુચિ છે કે રાગની? જેને જ્ઞાનસ્વભાવની રુચિ અને દૃષ્ટિ થઈ છે તે તો અસ્થિરતાના અલ્પ રાગનો પણ જ્ઞાતા જ છે અને 'રાગ થવાનો હતો તે થયો' એમ કહીને જે રાગની રુચિ છોડતો નથી—તે તો સ્વછંદી મિથ્યાદૃષ્ટિ છે. આ ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ સમજે એની તે દૃષ્ટિ પલટી જાય.

## (૧૭) ઊંધો પ્રશ્ન :-'નિમિત્ત ન આવે તો.....?

'આવું નિમિત્ત આવે તો આમ થાય ને નિમિત્ત ન આવે તો ન થાય'—આમ જેને નિમિત્તાધીન દૃષ્ટિ છે તેને ક્રમબદ્ધપર્યાયની ખરી પ્રતીત નથી. 'ક્રમબદ્ધપર્યાય થવાની હોય પણ નિમિત્ત ન આવે તો!'—એ પ્રશ્ન જ ઊંધો છે. ક્રમબદ્ધપર્યાયમાં જે સમયે જે નિમિત્ત છે—તે પણ નિશ્ચિત જ છે; નિમિત્ત ન હોય એમ બનતું જ નથી.

## (૧૮) બે નવી વાત! સમજે તેનું કલ્યાણ.

એક નિયમસારની 'શુદ્ધ કારણપર્યાય'ની વાત ને બીજી આ 'ક્રમબદ્ધપર્યાય'ની વાત! એ બે વાત સોનગઢથી નવી કાઢી—એમ કેટલાક કહે છે. લોકોમાં અત્યારે આ વાત ચાલતી નથી તેથી નવી લાગે છે. શુદ્ધ કારણપર્યાયની વાત સૂક્ષ્મ છે ને બીજી આ ક્રમબદ્ધપર્યાયની વાત સૂક્ષ્મ છે. આ વાત જેને બેસે તેનું કલ્યાણ થઈ જાય! આ એક ક્રમબદ્ધપર્યાયની વાત બરાબર સમજે તો તેમાં નિશ્ચયવ્યવહારના ને ઉપાદાન-નિમિત્તના વગેરે બધાય ખુલાસા આવી જાય છે વસ્તુની પર્યાય ક્રમબદ્ધ ને હું તેનો જ્ઞાયક—એ સમજતાં બધા સમાધાન થઈ જાય છે. ભગવાન! તારા જ્ઞાયકસ્વભાવને ભૂલીને તું પરનું કરવાની માન્યતામાં રોકાઈ ગયો? પરમાં તારી પ્રભુતા કે પુરુષાર્થ નથી, આ જ્ઞાયક ભાવમાં જ તારી પ્રભુતા છે. તારો પ્રભુ તારા જ્ઞાયકમંદિરમાં બિરાજમાન છે તેની સન્મુખ થા ને તેની પ્રતીત કર.

**આત્મા એવો નથી કે સમજમાં ન આવે.**

## (૧૯) આત્મા અનાદિથી જ્ઞાયકભાવપણે જ રહ્યો છે!

જગતમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના દરેક જીવ તેમજ સિદ્ધ અને અનંતાનંત પરમાણુઓમાં દરેક પરમાણુ તે બધાય ક્રમબદ્ધપણે પરિણમી જ રહ્યા છે, હું તેમનું શું ફેરવું? હું તો જ્ઞાયક છું—આવો નિર્ણય કરે તેને સમ્યગ્દર્શન થઈ જાય. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે અનાદિ-અનંત જાણવાનું જ કાર્ય કરે છે. આત્મા તો અનાદિનો જ્ઞાયકભાવપણે જ રહ્યો છે પણ અજ્ઞાનીને મોહ વડે તે અન્યથા અધ્યવસિત થયો છે. એ વાત પ્રવચનસારની ૨૦૦મી ગાથામાં કરી છે. આત્મા તો જ્ઞાયક હોવા છતાં અજ્ઞાની તેની પ્રતીત નથી કરતો ને 'હું પરનો કર્તા' એમ મોહ વડે અન્યથા માને છે.

## (૨૦) કથંચિત્ ક્રમ-અક્રમપણું કઈ રીતે છે?

કોઈ એમ કહે છે કે 'જીવની પર્યાયમાં કેટલીક ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમરૂપ છે; તેમજ શરીરાદિ અજીવની પર્યાયમાં પણ કેટલીક ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમરૂપ છે'. તે

બધી વાત વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયથી વિપરીત છે, જ્ઞાનસ્વભાવથી વિપરીત છે અને કેવળીથી પણ તે વિપરીત છે. વસ્તુમાં એવું ક્રમ-અક્રમપણું નથી પરંતુ પર્યાય અપેક્ષાએ ક્રમબદ્ધપણું ને ગુણો સહવર્તી છે તે અપેક્ષાએ અક્રમપણું—એ રીતે વસ્તુ ક્રમ-અક્રમસ્વરૂપ છે.

## (૨૧) કેવળીને માને તે કુદેવને ન માને!

કોઈ એમ કહેતું હતું કે 'કેવળીએ જેમ દીઠું તેમ થયું છે, માટે જે વાડો

(-સંપ્રદાય) મળ્યો અને જેવા ગુરુ મળ્યા (-તે ભલે ખોટા હોય તો પણ) તેમાં ફેરફાર કરવાની ઉતાવળ ન કરવી કેમકે કુદરતના નિયમમાં એમ આવ્યું છે માટે તે બદલવું નહીં'.

પણ ભાઈ, તને કેવળજ્ઞાન બેઠું છે? અને કુદરતનો નિયમ એટલે વસ્તુસ્વરૂપ તને બેઠું છે? જેની પ્રતીતમાં કેવળજ્ઞાન બેઠું અને વસ્તુસ્વરૂપ સમજાયું તેના અંતરમાં ગૃહીત મિથ્યાત્વ રહે જ નહીં, કુધર્મને કે કુગુરુને માને એવો ક્રમ તેને હોય જ નહિ. માટે, સમકિતી જીવ કુધર્મ-કુગુરુનો ત્યાગ કરે તેથી કાંઈ તેને પર્યાયનું ક્રમબદ્ધપણું તૂટી જાય છે એમ નથી. સવળા પુરુષાર્થમાં નિર્મળ ક્રમબદ્ધપર્યાય થાય છે.

## (૨૨) જ્ઞાયકસ્વભાવ!

જે દ્રવ્ય જે ગુણોથી ઊપજે એટલે કે જે પર્યાયપણે પરિણમે તેની સાથે તે તન્મય છે. અહો! દ્રવ્ય પોતે તે પર્યાય સાથે તન્મય થઈને પરિણમ્યું છે, ત્યાં બીજો તેને શું કરે?

આત્મા તો પરમ પારિણામિક સ્વભાવરૂપ જ્ઞાયક છે, જ્ઞાયકભાવપણે રહેવું એ જ તેનો સ્વભાવ છે. આવા સ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં સ્વભાવ તરફના પુરુષાર્થથી શુદ્ધપર્યાય થતી જાય છે.

## (૨૩) ''ક્રમબદ્ધ ન માને તે કેવળીને નથી માનતો.''

'બસ! જેવું નિમિત્ત આવે તેવી પર્યાય થાય, અમે ક્રમબદ્ધને માનતા નથી'—એમ કહેનાર કેવળી ભગવાનને પણ નથી માનતો ને ખરેખર આત્માને પણ તે નથી માનતો. ક્રમબદ્ધપર્યાયની ના કહેવી તે જ્ઞાનસ્વભાવની જ ના કહેવા જેવું છે. ભાઈ! આ ક્રમબદ્ધપર્યાય તે કાંઈ કોઈના ઘરની કલ્પના નથી પરંતુ તે વસ્તુના ઘરની વાત છે, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. કોઈ ન માને તેથી કાંઈ વસ્તુનું સ્વરૂપ ફરી જાય તેમ નથી.

## (૨૪) જ્ઞાનસ્વભાવ તરફ પુરુષાર્થને વાળ્યા વગર ક્રમબદ્ધપર્યાય સમજાતી નથી!

'શુભ-અશુભભાવ પણ ક્રમબદ્ધ હતા તે આવ્યા' એમ કહીને જે જીવ રાગના પુરુષાર્થમાં જ અટકી રહ્યો છે ને જ્ઞાનસ્વભાવ તરફ પુરુષાર્થને વાળતો નથી તે ખરેખર ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી પણ માત્ર વાતો કરે છે. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતાં રાગની રુચિ છૂટી જાય છે અને ત્યારે જ ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. ભાઈ! તું કોની સામે જોઈને ક્રમબદ્ધપર્યાય માને છે? જ્ઞાયકસ્વભાવ સામે જોઈને જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો તે રાગનો પણ જ્ઞાતા થઈ ગયો! આ રાગ પલટીને આ સમયે આવો જ રાગ લાવું—એમ રાગને ફેરવવાની બુદ્ધિમાંથી તેનું વીર્ય ખસી ગયું ને જ્ઞાનસ્વભાવ તરફ વળી ગયું; તેને રાગ ટળવાનો ક્રમ ચાલુ થઈ ગયો છે, વર્તમાન સાધકદશા થઈ છે ને એ જ પુરુષાર્થથી ક્રમબદ્ધપર્યાયના ક્રમમાં અલ્પકાળે કેવળજ્ઞાન પણ આવશે! જ્ઞાનીને ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં સ્વભાવની દૃષ્ટિથી પ્રયત્ન ચાલુ જ છે, તે જ્ઞાનની અધિકતારૂપે જ પરિણમે છે એટલે કે ભૂતાર્થના આશ્રયે જ પરિણમે છે, તેમાં ઉતાવળ પણ નથી ને પ્રમાદ પણ નથી. પ્રવચનસારની ૨૦૨મી ગાથામાં હેમરાજજી પંડિત કહે છે કે વિભાવપરિણતિ નહીં છૂટતી દેખીને સમ્યગ્દૃષ્ટિ જીવ આકુળ-વ્યાકુળ પણ નથી થતો તેમજ સમસ્ત વિભાગ પરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી; ભૂતાર્થ સ્વભાવનો આશ્રય કરીને વર્તે છે તેમાં તેનો પુરુષાર્થ ચાલુ જ છે. એક સાથે પાંચે સમવાય તેમાં આવી જાય છે.

## (૨૫) પોતપોતાના અવસરોમાં પ્રકાશે છે!

પ્રવચનસાર ગા. ૯૯ 'સદવટ્ઠિદં સહાવે દવ્વં.....' ઈત્યાદિમાં આચાર્યદેવે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત અલૌકિક રીતે મૂકી દીધો છે. મોતીના હારના દૃષ્ટાંતે, દ્રવ્યના

પરિણામો પોતપોતાના અવસરોમાં પ્રકાશે છે એ વાત સમજાવીને ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ એકદમ ખૂલ્લું કરી દીધું છે. વળી, એક જ સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ હોવા છતાં તે ત્રણેનું ભિન્ન ભિન્ન લક્ષણ છે. નાશ એટલે કે વ્યય તે નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે. એ રીતે, સમયે-સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહીને તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની જ સાંકળ ગોઠવી દીધી છે.

## (૨૬) 'સત્' અને તેનો જાણનાર જ્ઞાનસ્વભાવ!

અહો! આચાર્ય ભગવંતોએ જંગલમાં વસીને પોતાના જ્ઞાનમાં વસ્તુસ્વરૂપને પકડીને આબેહૂબ વર્ણન કર્યું છે. એક તરફ આખું સત્‌નું ચોસલું જગતમાં પડ્યું છે ને આ તરફ તેને જાણનારો જ્ઞાનસ્વભાવ છે. મહાસત્તા સત્, અવાંતરસત્તા સત્, જડચેતન દરેક દ્રવ્ય ત્રિકાળ સત્ ને તેની એક-એક સમયની પર્યાય પણ ક્રમબદ્ધ પ્રવાહમાં તેના સ્વકાળે સત્! એ બધાને જાણનારી જ્ઞાનપર્યાય પણ સત્! આમ, ક્રમબદ્ધ અને વ્યવસ્થિત સત્ છે તેનો નિર્ણય કર્યો ત્યાં પોતાને જ્ઞાતાપણું જ રહ્યું ને કર્તાપણાની મિથ્યાબુદ્ધિ મટી. સત્‌નો જ્ઞાતા ન રહેતાં તે સત્‌ને ફેરવવા માંગે તે મિથ્યાબુદ્ધિ છે.

## (૨૭) જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પાંચે સમવાય આવી જાય છે!

બધી પર્યાયો તો ક્રમબદ્ધપર્યાય જ છે પણ તેનો નિર્ણય કોણ કરે છે? જ્ઞાતાનું જ્ઞાન જ તેનો નિર્ણય કરે છે. જે જ્ઞાને આવો નિર્ણય કર્યો તે જ્ઞાને પોતાનો (જ્ઞાનસ્વભાવનો) નિર્ણય પણ ભેગો જ કર્યો છે. જ્યાં સ્વભાવસન્મુખ થઈને આવો નિર્ણય કર્યો ત્યાં—

(૧) સ્વભાવ તરફનો સમ્યક 'પુરુષાર્થ' આવ્યો,

(૨) જે શુદ્ધતા પ્રગટી છે તે સ્વભાવમાંથી પ્રગટી છે તેથી 'સ્વભાવ' પણ આવ્યો,

(૩) તે સમયે જે નિર્મળપર્યાય પ્રગટવાની હતી તે જ પ્રગટી છે તેથી 'નિયત' પણ આવ્યું.

(૪) જે નિર્મળદશા પ્રગટી છે તે વખત જ તેનો સ્વકાળ છે; એ રીતે 'સ્વકાળ' પણ આવી ગયો,

(૫) તે વખતે નિમિત્તરૂપ કર્મના ઉપશમાદિ સ્વયં વર્તે છે, એ રીતે 'કર્મ' પણ અભાવરૂપ નિમિત્ત તરીકે આવી ગયું.

ઉપર પ્રમાણે સ્વભાવસન્મુખ પુરુષાર્થમાં પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

(ક્રમશઃ) ❊ ✻ ❊

**જૈન તત્ત્વ સમજવામાં અપૂર્વ પુરુષાર્થ છે.**

**ગુરુ કહાન....ગુરુ કહાન...તેરા જ્ઞાન હૈ મહાન....**
**ગુરુ કહાન...ગુરુ કહાન....તેરા કામ હૈ મહાન....**
**ગુરુ કહાન....ગુરુ કહાન....તેરા નામ હૈ મહાન....**

**આ તો અંતરમાં ઉતારવાની વાતો છે...તને તું જો...તારી નજર તારામાં રાખ...તારી નજર બાહ્યજ્ઞેયમાં રાખવી છે કે નજર અંદર રાખવી છે? પરને જાણે એવું મારું જ્ઞાન છે?–કે ના. પરને હું જાણું છું?–કે ના... ભગવાન આત્મા પોતે જ પોતાનું જ્ઞેય છે, પરજ્ઞેય નહીં...જે આ જ્ઞાનમાત્ર ભાવ છે તે પરજ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો.... પરને જ્ઞેય કરીને પરનું જ્ઞાન કરે છે એ વસ્તુમાં છે નહીં....છદ્રવ્યને–પરને જાણે છે તે ઇ પર્યાયને જ માને છે, દ્રવ્યને માનતો નથી. છ દ્રવ્યને જાણવાપણે પરિણમેલી એક સમયની જ્ઞાનની પર્યાય તેટલું જ્ઞેય એમ તો નથી પણ એક સમયની પર્યાયમાં સ્વદ્રવ્યનું બધું જણાય એવું જે પરિણમન તે જ્ઞેય અને એટલી પર્યાયને જ માને તોપણ દ્રવ્યને માનતો નથી....એટલી પર્યાયને માની, દ્રવ્યને ક્યાં માન્યું?...આખું ત્રિકાળી દ્રવ્ય, બધાં ગુણ ને એક સમયની બધી પર્યાય તે જ્ઞેયની શક્તિ, એક સમયનું જ્ઞાન એ પોતે પોતાને જાણે એવી જ્ઞાનની શક્તિ અને અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા–એમ જ્ઞાન–જ્ઞેય–જ્ઞાતારૂપ ત્રણેય ભાવ સહિત અભેદ એવો જ્ઞાયક ભગવાન આત્મા તે હું એમ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે....**

(શ્રી સમયસાર-શ્લોક–૨૭૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું અદ્ભુત માર્મિક પ્રવચન)

ભગવાન આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ પોતાનું જ્ઞેય છે, પરજ્ઞેય નહીં. પોતે જ પોતાને જાણનારો છે, પોતે જ પોતાને જણાય એવો છે અને પોતે જ પોતાનો જ્ઞાતા છે. ત્રણ ભેદ પાડવા કે જ્ઞેય કોઈ જુદું છે, જ્ઞાન કાંઈ જુદું છે ને જ્ઞાતા કોઈ જુદો છે એમ ભેદ છે નહીં. જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો. ષટ્દ્રવ્યનું જાણપણું જે પર્યાયમાં થાય એટલા જ્ઞેયમાત્ર આત્માને ન જાણવો–જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ આત્મા ન જાણવો, આત્મા એટલો છે જ નહીં.

એક સમયની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે એ પર્યાયનું જ્ઞાન ષટ્દ્રવ્યને જાણવાપણે પરિણમેલું છે એટલા જ પર્યાય તરીકે આત્મા જ્ઞેય છે એમ નથી. છ દ્રવ્ય, ત્રણ કાળ, ત્રણ લોક એને જાણવામાત્ર જ્ઞેય એમ નથી. પરંતુ એક સમયની પર્યાયમાં સ્વદ્રવ્યનું બધું જણાય એવું જે પરિણમન એટલો જે અંશ એટલોય આત્મા નથી. જે આ

**ભગવાનની શ્રદ્ધા પણ બંધનું કારણ છે.**

જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જણાવાયોગ્ય જ્ઞેયોના જાણવામાત્ર ન જાણવો-એટલો આત્મા છે નહીં. પરંતુ જે જ્ઞેયો છે તેના આકારે પરિણમતું તે જ્ઞાન પોતે જ્ઞેય-પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ ને પોતાની પર્યાય તે જ્ઞેય અને એક સમયની પર્યાય તે જ્ઞાન અને અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા. પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય-દ્રવ્ય, ગુણ ને પર્યાય પોતે જ જ્ઞેય.

આ તો અંતરમાં ઉતારવાની વાતો છે. પોતે જ જ્ઞાન, પોતાના દ્રવ્ય-ગુણ ને પર્યાય પોતાના જ્ઞાનનું જ્ઞેય. જ્ઞાનની એક સમયની પર્યાયનું જ્ઞેય પોતાના દ્રવ્ય-ગુણ ને પર્યાય, પર નહીં. છ દ્રવ્યને જાણતી પર્યાય પોતાની પોતે જ છે એને પોતાને પોતે જાણે છે, પરજ્ઞેયને નહીં. પોતે જ્ઞેય એમાં પણ ત્રણ ભાગ : એકલો એક સમયનો પર્યાય જ્ઞેય એમ પણ નહીં—છ દ્રવ્યરૂપ જ્ઞેય એ તો નહીં પણ એક સમયની પર્યાય જે છ દ્રવ્યને જાણે એટલો જ્ઞેય નહીં; આખું દ્રવ્ય, બધાં ગુણ ને એક સમયની પર્યાય એ બધું જ્ઞેય. એ જ્ઞેયની એક શક્તિ; એક સમયનું જ્ઞાન એ પોતે પોતાને જાણે એવી જ્ઞાનની શક્તિ અને અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા; તે પોતે જ છે. જ્ઞાતા પોતે, જ્ઞાન પોતે ને જ્ઞેય પોતે—એમાં ત્રીજું કાંઈ છે નહીં.

તારી પર્યાયમાં જે ષટ્દ્રવ્યો જણાય તે જ્ઞેય-એવડો તું નહીં, એને જાણનારું જ્ઞાન એ નહીં, તારી પર્યાયમાં જે છદ્રવ્યને જાણવારૂપ પર્યાય પરિણમી એટલોય તું નહીં; જ્ઞેય તો દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણેય. અનંતી પર્યાયનો પિંડ તે ગુણ ને અનંતા ગુણનો પિંડ તે દ્રવ્ય તે જ્ઞેય. જ્ઞાન પોતે, જ્ઞેય પોતે, જ્ઞાતા પોતે, પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ છે નહીં.

વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે ને! અહીં તો એ કાઢી નાખ્યું કે વ્યવહારનું એ જ્ઞાન નથી, પોતાની પર્યાયનું જ એ જ્ઞાન છે અને તે સમયની પર્યાયનું જ્ઞાન એટલું જ એ જ્ઞાન નથી. જ્ઞાનની એક સમયની પર્યાયમાં પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ ને પોતાની પર્યાય તે જ્ઞેય છે, પરજ્ઞેય નથી, પરને જાણે એવું મારું જ્ઞાન?-કે ના. અને હું પરને જાણું છું?-કે ના. હું તો મને-મારા દ્રવ્ય, ગુણ ને પર્યાયની શક્તિને જાણનારો હું જ્ઞાન ને ત્રણેય મારા જ્ઞેય અને એ અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા. જ્ઞાતા તેય હું, જ્ઞેય તેય હું ને જ્ઞાન તેય હું, મારાથી એ ત્રણેય કાંઈ જુદા નથી.

એક સમયની પર્યાયનું જ્ઞાન એટલું એનું જ્ઞેય છે! જ્ઞાનનું એટલું જ્ઞેય છે? એ તો પર્યાયદૃષ્ટિ થઈ, અંશદૃષ્ટિ છે. દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણેય જ્ઞેયો છે, એ ત્રણેય જ્ઞેયનું જ્ઞાન; પોતે પોતાનું જ્ઞાન કરે છે ને પોતે પોતાનો જ્ઞેય થાય છે. પરને જ્ઞેય કરીને પરનું જ્ઞાન કરે છે એ વસ્તુમાં છે નહીં.

તને તું જો, તારી નજર તારામાં રાખ. તારી નજર બાહ્યજ્ઞેયોમાં રાખવાની છે?

**પ્રત્યેક જીવ સ્વભાવથી કારણશુદ્ધ જીવ જ છે.**

નજર અંદર રાખવી છે કે નજર બહાર રાખવી છે? પોતાના જ્ઞેયને જાણે તો લાભ થાય. નજર પોતાના જ્ઞેયમાં ગઈ એટલે ખરેખર દ્રવ્ય ઉપર નજર પડી છે એટલે એમાં જ્ઞાન ને જ્ઞેય આવી જાય છે.

અહીં તો કહે છે કે મારા સિવાય બીજી કોઈ ચીજ નથી. આ હું જ છું, બીજો કોઈ છે નહીં. છ દ્રવ્યનું જ્ઞાન એ મારું જ્ઞાન છે એટલે એ હું જ છું, પર છે જ નહીં.

જ્ઞાનની એક સમયની પર્યાય છે તેને જ માને છે એણે છદ્રવ્યને માન્યા, પોતાના દ્રવ્યને ન માન્યું, પર્યાયને માની. પર્યાયને પણ માની ક્યારે કહેવાય કે એક સમયની પર્યાય છ દ્રવ્યને, ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી તાકાતવાળી પર્યાયને માને તો પર્યાયને માની કહેવાય. એ પણ પર્યાયને માની એટલે અંશને માન્યો. એટલી પર્યાયને માને તોપણ દ્રવ્યને માનતો નથી. તેથી એટલી પર્યાયને માને તોપણ દૃષ્ટિ ખોટી છે એમ અહીં કહે છે કેમ કે એ તો એકલી પર્યાયને માની, દ્રવ્યને ક્યાં માન્યું! છ દ્રવ્યને જાણે છે તે ઈ પર્યાયને જ માને છે, દ્રવ્યને માનતો નથી.

પરને જાણવાકાળે ઈ જ્ઞાનની પર્યાયનો કલ્લોલ ઊઠે છે એને ઈ જાણે છે, એને જાણતાં દ્રવ્ય, ગુણને પણ જાણે છે કેમ કે દૃષ્ટિ ત્યાં પડી છે ને! જ્ઞેયોના આકારે થતાં જ્ઞાનના કલ્લોલપણે પરિણમતો તે પોતે જ્ઞાન, તે પોતે જ્ઞેય ને આખો ત્રિકાળી જાણનાર પોતે જ્ઞાતા–એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા ત્રણે ભાવ સહિત વસ્તુમાત્ર અભેદ જાણવી. ભેદ પણ જેમાં નથી એવો જ્ઞાયકમાત્ર ભગવાન આત્મા તેને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે.

*


**મેળવો દ્રવ્યદૃષ્ટિપ્રકાશ (હિન્દી) અને**

**બનો આત્મજાગ્રતિના આજીવન સભ્ય**

**રૂા. ૫૦૦/- મોકલનારને દ્રવ્યદૃષ્ટિપ્રકાશ (હિન્દી) પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે અને આત્મજાગ્રતિના આજીવન સભ્ય બનાવવામાં આવશે.**


**સૂચના :** (૧) જૂના તથા નવા સદસ્યોએ પોતાના મોબાઈલ નંબર તેમ જ E-Mail ID જરૂર નીચેના એડ્રેસ ઉપર મોકલી આપવા.

(૨) કોઈપણ પ્રકારની જાણકારી માટેનો પત્રવ્યવહાર માત્ર EDITOR સાથે નીચેના એડ્રેસ ઉપર કરવો


Editor : **Prasham Jitubhai Modi**

Address : **``Krambaddh Nivas", 45, Kahan Nagar Society**
**SONGADH-364250 Mo : 097228 33143**



# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

**[પર્યાય અભૂતાર્થ હોવાથી અસત્યાર્થ છે એટલે શું? ધ્રુવદ્રવ્યમાં પર્યાય નથી એટલે અસત્યાર્થ છે?–કે પર્યાય પર્યાયમાં છે છતાં તેને ગૌણ કરીને અસત્યાર્થ કહેવામાં આવે છે? ધ્રુવદ્રવ્યમાં–ત્રિકાળી દ્રવ્ય સામાન્યમાં તો પર્યાય હોવાનો પ્રશ્ન જ નથી; પરંતુ વર્તમાન વર્તતી અવસ્થાનું લક્ષ છોડાવીને ત્રિકાળી દ્રવ્ય સામાન્યને મુખ્ય કરીને તેની દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન હોવાથી, પર્યાય પર્યાયમાં હોવા છતાં છે તેને નથી કરીને, ગૌણ કરીને, અસત્યાર્થ કહીને, તેને હેયરૂપ કહીને દ્રવ્ય સામાન્યને ઉપાદેય કરાવવો છે. પર્યાય દ્રવ્ય સામાન્યમાં તો છે જ નહીં પરંતુ પર્યાય પર્યાયમાં છે ખરી, પર્યાય પર્યાયમાં નથી તો વેદાંત જેવું થઈ જશે. પર્યાય પર્યાયમાં છે છતાં 'છે' તેને 'નથી' કરીને, ગૌણ કરવાથી, હેય થવાથી, તેનું લક્ષ ત્યાંથી છૂટીને, દ્રવ્ય સામાન્યને મુખ્ય કરતાં તે ઉપાદેય થવાથી સમ્યગ્દર્શન થાય છે. એ રીતે અહીં ઉપયોગને પરસન્મુખતાથી એકદમ પાછો વાળીને, અંદરમાં લાવીને ત્યાં પણ ત્રણ ભેદથી ઉપયોગને સંકેલીને એકાકાર જ્ઞાયકની દૃષ્ટિ વડે સમ્યગ્દર્શન પામે છે એવી અદ્‌ભુત ચર્ચા અહીં પૂજ્ય ગુરુદેવશ્રીએ સમજાવીને 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'ની સિદ્ધિને ચરિતાર્થ કરેલ છે.]**

(શ્રી નિયમસાર, ગાથા-૧૮૭ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાત્રે પ્રશ્ન થયો હતો કે પર્યાય અભૂતાર્થ છે ને? અસત્યાર્થ છે ને? તે પર્યાય દ્રવ્યમાં નથી માટે અસત્યાર્થ છે ને? દ્રવ્યમાં પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ છે ને? દ્રવ્યમાં પર્યાય ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું છે એમ ને? ધ્રુવદ્રવ્યમાં પર્યાય છે ખરી, તેને ગૌણ કરીને અસત્યાર્થ કહેવામાં આવ્યું છે ને?

શ્રોતા :—ધ્રુવમાં તો પર્યાય હોય જ નહીં ને!

પૂજ્ય ગુરુદેવશ્રી : ત્યારે શેમાં હોય?

મુરબ્બી શ્રી રામજીભાઈ : આખી વસ્તુના બે અંશ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : રાત્રે ચર્ચા થઈ હતી. પર્યાય છે એ પર્યાયને ગૌણ કરીને; દ્રવ્યમાં પર્યાય છે ઈ વાત જ ક્યાં છે? દ્રવ્ય જે ત્રિકાળી છે તેમાં પર્યાય છે જ નહીં–

**પરકારણથી નિર્દોષતા પ્રગટ થતી નથી.**

એ વાત અહીં છે જ નહીં. એનું અહીં કામ નથી. ત્રિકાળી દ્રવ્યનું મુખ્યપણું બતાવીને, જે પર્યાય વર્તે છે તે પણ ગૌણ કરીને નથી એમ કહ્યું છે. પર્યાય છે એને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. દ્રવ્યમાં પર્યાય નથી કે દ્રવ્યમાં પર્યાય છે તેને ગૌણ કરીને કહ્યું છે એ વાત અહીં પ્રશ્ન છે જ નહીં. 'અસત્યાર્થ કહ્યું છે' એ તો ત્રિકાળી દ્રવ્યની મુખ્યતા દૃષ્ટિ કરાવવા, પર્યાય પર્યાયમાં હોવા છતાં તેને ગૌણ કરીને એ પર્યાય નથી, અવિદ્યમાન છે-પર્યાય પોતે અવિદ્યમાન છે-વર્તમાન અવસ્થા અવિદ્યમાન છે એમ કહેવામાં આવે છે.

ભગવાનઆત્માના બે અંશો છે. બે અંશ છે એમાં એક અંશ નથી ઈ અંશરૂપે અંશ નથી. આખી વસ્તુમાં એ અંશ નથી એ પ્રશ્ન નથી. બે અંશો છે. એક ત્રિકાળી અંશ ને એક પર્યાય અંશ. એમાં ત્રિકાળી અંશની અપેક્ષાએ પર્યાય અંશ પોતે નથી; છે એ પોતે નથી. કેમ નથી? પર્યાય અંશ છે તો ખરો પણ એને એનું લક્ષ છોડાવવું છે ને દ્રવ્યની મુખ્યતાની દૃષ્ટિ કરાવવી છે એટલે છે છતાં તે નથી એમ કહેવામાં આવે છે.

મુરબ્બી શ્રી રામજીભાઈ : આપ ઘણીવાર કહો છો ને કે દ્રવ્યમાં પર્યાય નથી એટલે એ અમને દૃઢ થઈ ગયું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ માટે તો આ વાત છંછેડી છે.

મુરબ્બી શ્રી રામજીભાઈ : બહુ સરસ....બહુ દૃઢ થઈ ગયું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ શી રીતે દૃઢ થયું છે!

મુરબ્બી શ્રી રામજીભાઈ : આપના વચનનો અમને સ્વીકાર્ય પછી શું વાંધો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : દ્રવ્યમાં પર્યાય છે કે નથી એ પ્રશ્ન નથી....

(અતિ પ્રસન્નતાપૂર્ણ ભાવે) મુરબ્બી શ્રી રામજીભાઈ : આપ જ્યારે કહો છો ને ત્યારે અમને બહુ આનંદ થાય છે. એટલો આનંદ આવે છે કે જેનું કાંઈ વર્ણન થઈ શકે નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી : ઠીક, સ્પષ્ટીકરણ કરાવે છે ને!

મુરબ્બી શ્રી રામજીભાઈ : અમારી પાસે સાક્ષી હાજર છે ને! સાક્ષીની ગેરહાજરીમાં વાત નથી થતી.

પૂજ્ય ગુરુદેવશ્રી : અહીં જે વ્યવહાર અસત્ય કહ્યો છે એ પર્યાયને જ જૂઠી કીધી છે. દ્રવ્યમાં પર્યાય નથી એ પ્રશ્ન અહીં છે જ નહીં. દ્રવ્યમાં તો પર્યાય છે જ નહીં. એ પ્રશ્ન જ નથી. આ તો પર્યાયમાં પર્યાય, પર્યાય છે તે નથી એમ અહીં કહેવું છે. કેમકે

ત્રિકાળી સત્યાર્થનો આશ્રય લેવા એને મુખ્યપણે કરીને, પર્યાય હોવા છતાં એને ગૌણ કરીને એ નથી-ઈ પર્યાય ગૌણ કરીને એ નથી એમ કહેવામાં આવ્યું છે. દ્રવ્યમાં પર્યાય નથી એ પ્રશ્ન છે જ નહીં.

મુરબ્બી શ્રી રામજીભાઈ : બહુ આનંદ કરાવ્યો આપે.

પૂજ્ય ગુરુદેવશ્રી : દ્રવ્ય વસ્તુ સામાન્ય છે એમાં તો પર્યાય નથી જ. એ પ્રશ્ન નથી. અહીં તો પર્યાય પર્યાયપણે છે, ભૂતાર્થ છે, વ્યવહારે એ ભૂતાર્થ છે એને અહીં નિશ્ચયથી ગૌણ કરીને અસત્ય છે-અભાવ કરીને અસત્ય છે એમ નહીં.

શું શૈલી છે ૧૧મી ગાથાની! વસ્તુ પોતે ધ્રુવ નિત્યાનંદ ભૂતાર્થ, સત્યાર્થ, પરમાર્થ એ વસ્તુ! બસ, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે એમ મુખ્યપણે એને છે એમ કહીને, પર્યાયને ગૌણ કરીને, નથી એમ કહેવામાં આવ્યું છે. આ મુખ્યપણે કરીને 'છે' અને પર્યાય જે છે એને ગૌણ કરીને 'નથી' એમ કહેવામાં આવ્યું છે.

व्यवहारो अभूयत्थो કહેવું છે ને! વ્યવહાર એટલે પર્યાય. રાગાદિ ભલે ઈ હો પણ મુખ્યપણે પર્યાય છે. પર્યાય નથી જ એમ માનવું એ તો વેદાંત થઈ જશે.... પર્યાય પર્યાયપણે નથી હો! દ્રવ્યમાં નથી એ અહીં પ્રશ્ન છે જ નહીં. ધ્રુવમાં પર્યાય શેની હોય? આ અંશ અહીં છે ને એ અંશ અહીં નથી-એ પ્રશ્ન નથી. આ અંશ અહીં છે તે અંશ નથી. એ અંશ અહીં નથી એમ નહીં. એ અંશ અહીં છે તે નથી, કેમ કે મુખ્યનો આશ્રય કરાવવા ગૌણ કરીને નથી એમ કહીને પેટાભેદને કાઢી નાખ્યો છે.

મુરબ્બી શ્રી રામજીભાઈ : બહુ સારી ચોખવટ.

પૂજ્ય ગુરુદેવશ્રી : આ તો સીધી વાત છે ને! ભગવાન આત્મા બે અંશે પ્રમાણનો વિષય છે. બે અંશ : એક વર્તમાન પર્યાય ને એક ત્રિકાળ વસ્તુ દ્રવ્ય-એને દ્રવ્ય કહેવું પરથી જુદા પાડવા. હવે બેમાંથી દ્રવ્ય ધ્રુવ જે મુખ્ય છે તેને દ્રવ્ય સિદ્ધ કરીને એનો આશ્રય લેવા, આ લક્ષ છોડાવવા ઈ પર્યાય છે છતાં તે નથી; તે નથી આ છે; આ નથી ને આ છે.

શ્રોતા : બહુ સરસ ખુલાસો થયો.

મુરબ્બી શ્રી રામજીભાઈ : આજે બપોરે પ્રવચનમાં તેનો વધારે ખુલાસો આવશે.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, ઈ વિચાર રાત્રે આવી ગયો હતો....

**જ્ઞેયમાં અનુકૂળ-પ્રતિકૂળ એવા બે ભાગ છે જ નહીં.**

# ગુરુ કહાન : રહસ્યોદ્‌ઘાટક મહાન

**અર્થ ન સમજાય તો શું થાય!**
**ટોડરમલજીએ શૈલી જ બીજી વાપરી છે :**
***કાળલબ્ધિ અને ભવિતવ્ય છે ખરા; નથી એમ નથી,***
***પણ એ જુદી ચીજ નથી.***
**કાળલબ્ધિનો નિષેધ નથી, પણ એ વસ્તુ જુદી નથી.**
**કાળલબ્ધિ ઉડાડી નથી....**
***એના પરિણામમાં આ વાત ન બેસે ત્યાં સુધી વાંધા! વાંધા!***

**(શ્રી કળશટીકા, કળશ-૨૩૧, ૨૩૨ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)**

નિયતનો અર્થ એકલો નિયત નથી. નિયતનો નિર્ણય કરવા જાય ત્યાં પાંચેય સમવાય સાથે જ છે, ત્યારે એને નિયત થાય છે, નિયતનો અર્થ જ કે જે સમયે જે પર્યાય થવાનો કાળ....ટોડરમલજીએ શૈલી જ એવી વાપરી છે. કાળને રાખ્યો છે. કાળલબ્ધિનું આવે છે ને! એની ભાષા જ એવી છે. જે કાળમાં કાર્ય બને-કાળ તો બરાબર છે-જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ.

શ્રોતા : કાળલબ્ધિ એ કોઈ વસ્તુ નથી એમ કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : કાળલબ્ધિ એ કોઈ વસ્તુ નથી એટલે એ કોઈ જુદી ચીજ નથી એમ કહે છે. અર્થ ન સમજે તો...! જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ. કાર્ય બને જે સમયે તે કાળલબ્ધિ. જે કાર્ય થયું તે ભવિતવ્ય. થયું તે ભવિતવ્ય.

આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણનો ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ. કાળલબ્ધિનું તો કારણ ભેગું છે જ. આમ પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિનું કારણ ભેગું છે જ; ભવિતવ્યનું પણ ભેગું છે જ; નથી એમ નથી-એમ કહ્યું છે. એ શૈલી એવી કરી છે.

જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને તો કાળલબ્ધિ ને ભવિતવ્ય પણ થઈ ચૂક્યા. થઈ ચૂક્યા એટલે એમાં છે જ. નથી એમ નથી કહ્યું. આ આત્મા જ્ઞાનાનંદ છે, શુદ્ધ છે એમ જ્યાં સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો ત્યારે એ પુરુષાર્થ કરવાનું કાર્ય એનું છે ઈ બતાવે

છે; કાળે થવું છે એ બતાવે એને? કાળે થવું એ તો વસ્તુમાં એક સ્થિતિ છે જ. એને કાળે આ બાજુમાં પુરુષાર્થ કરે તે વખતે કાળલબ્ધિ છે જ, ભવિતવ્ય છે જ, પુરુષાર્થ છે જ, સ્વભાવ છે જ, કર્મનો અભાવ પણ છે જ. કાળલબ્ધિનો નિષેધ નથી, કોઈ વસ્તુ જુદી નથી એમ કહે છે.

પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે ત્યારે સર્વ કારણ મળે જ છે; તેમાં કાળલબ્ધિ આદિ મળે છે—એમાં કાળલબ્ધિ આદિ છે જ એમ કહે છે. સ્વભાવ તરફનો પુરુષાર્થ નથી કરતો તો એને કાળલબ્ધિનો જે કાળ છે તેને તે થયો નથી એમ કહે છે. બધી વાત લીધી છે; વાત ઉડાડી નથી. કાળે....કાળે...જે કાળે કાર્ય થયું તેનું નામ કાળલબ્ધિ. જે સમયે કાળ થવાનો છે ત્યારે પુરુષાર્થથી આમ જોયું, પુરુષાર્થથી કર્યું ત્યારે કાળે થયું એવું કાળનું જ્ઞાન થયું. કાર્ય જે થયું તે ભવિતવ્ય. જે કાળે કાર્ય બન્યું તે કાળલબ્ધિ અને થયું તે ભવિતવ્ય.

ભગવાન આત્મા સચ્ચિદાનંદમૂર્તિ જ્ઞાનાનંદની ખાણ છે, એવી અંતરમુખની દશા એ જ્ઞાનચેતના એ જ આદરણીય છે. એ આદરણીય થતાં કાળ ભેગો આવી ગયો—એમ અહીં કહેવું છે. કાળલબ્ધિ થઈ ગઈ, ભવિતવ્ય થઈ ગયું, સ્વભાવ પ્રગટ્યો, પુરુષાર્થ આવ્યો અને કર્મનો અભાવ જ હોય જ.

એ શુદ્ધ ઉપાદાનથી કામ થયું, એ કાળે થયું, ભવિતવ્ય થયું, વિકલ્પ નિમિત્ત હતો તેનાથી થયું નહીં એટલે વ્યવહારથી નિશ્ચય થયો નથી–આ બધું એમાં આવી જાય છે. પાંચેય આમાં આવી જાય છે. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર ને કાળ-ક્રમબદ્ધ એમ પાંચ કીધા.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ–એનું આમ ભાન થયું, જ્ઞાનચેતના પ્રગટી, એ જ્ઞાનચેતનામાં ઉપાદેય થયો ત્યાં આનંદ આદિ આવ્યો તે સ્વભાવ થયો, પુરુષાર્થથી થયું એટલે પુરુષાર્થ આવ્યો, એ જ કાળે થયું એટલે કાળ આવ્યો, એ ભાવ થયો એ ભવિતવ્ય થયું, તે વખતે કર્મનો અભાવ છે–એ પાંચ.

બીજા પાંચ એ આવ્યા કે શુદ્ધ ઉપાદાનથી કામ થયું ત્યાં આગળ સંઘેણ આદિ બીજી ચીજ ભલે નિમિત્ત હો કે વિકલ્પ આદિ પહેલાં ભલે નિમિત્ત હો. શુદ્ધ ઉપાદાન ને એ નિમિત્ત. અહીં નિશ્ચય થયો ત્યાં વિકલ્પ તે વ્યવહાર અને તે જ સમયે કાળમાં તે પુરુષાર્થ થયો તે કાળલબ્ધિ–તે સમયે તે જ હતું : ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કાળ એ ક્રમબદ્ધ. બધું પાંચેય આ રીતે આવી ગયું. નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ એટલે કાળે થવું છે તે.

**મારી અપેક્ષાએ ભગવાન પણ પરદ્રવ્ય છે.**

જ્યારે સ્વભાવનો પુરુષાર્થ થયો ત્યારે શુદ્ધ ઉપાદાન આવ્યું અને તે કાળે થયું એટલે કાળલબ્ધિ આવી ગઈ અને પુરુષાર્થ થયો ત્યાં ઓલો રાગ પૂર્વનું નિમિત્ત હતું તે જ્ઞાનમાં આવી ગયું ઈ વ્યવહાર ને આ નિશ્ચય. વ્યવહારનું લક્ષ છૂટ્યું ને અહીં નિશ્ચય થયું એટલે વ્યવહારથી નિશ્ચય થયું એ રહ્યું નહીં એટલે નિશ્ચય ને વ્યવહાર સાથે છે, ઉપાદાન ને નિમિત્ત સાથે છે, કાળ તો એ વખતે જ પાકી ગયો.

કર્મચેતના, કર્મફળચેતના હેય અને જ્ઞાનચેતના ઉપાદેય. લ્યો, એમાં બધું આવી ગયું. રાગનો વિકલ્પ છે એ નિમિત્ત છે કહો કે વ્યવહાર છે કહો તે હેય થઈ ગયો. આ સ્વરૂપમાં એકાગ્ર થયો એ જ્ઞાનચેતના ઉપાદેય થઈ ગઈ. નિશ્ચય ત્યાં વ્યવહાર, ઉપાદાન ત્યાં નિમિત્ત અને તે સમયે કાળે એનો કાળ પાક્યો-કારણ અહીં થયું ત્યારે એ કાર્ય કાળે જ થયું છે અને એ કાર્ય જે છે તે ભવિતવ્ય છે.

આહાહાહા! શું થાય? આ કાંઈ કોઈથી દીધી દેવાય એવી વાત છે? એના પરિણામમાં આ વાત ન બેસે ત્યાં સુધી વાંધા! વાંધા!!

## આ અંકના પ્રકાશનદાતા

| | | |
|---|---|---|
| રૂા. | ૨૧,૦૦૦=૦૦ | શ્રી શાંતિનાથજી જૈન તથા શ્રી અજિતજી જૈન, બરોડા/પૂના |
| રૂા. | ૧૧,૦૦૦=૦૦ | સ્વ. શ્રી ચંદુલાલ શાંતિલાલ શાહના સ્મરણાર્થે કતારગામ મુમુક્ષુ મંડળ, સુરત |
| રૂા. | ૧૧,૦૦૦=૦૦ | સ્વ. શ્રીમતી અમૃતબેન પ્રેમજીભાઈ જૈન, મલાડ હસ્તે શ્રીમતી આરતીબેન અતુલભાઈ જૈન તથા શ્રીમતી ચેતનાબેન સતીષકુમાર શાહ |
| રૂા. | ૧૧૦૦=૦૦ | સ્વ. શ્રી પ્રદીપભાઈ દેસાઈ, સોનગઢ |
| રૂા. | ૧૧૦૦=૦૦ | સ્વ. શ્રી નિર્મલકુમાર જૈન સર્રાફ, આગ્રા |

**વૈરાગ્ય સમાચાર :**

આગ્રાનિવાસી પં. શ્રી પદમચન્દ્રજી જૈન સર્રાફના પુત્ર શ્રી નિર્મલકુમાર જૈન સર્રાફ શાંત પરિણામ દ્વારા તા. ૨૩-૧-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

## દાનરાશિ તથા લવાજમ મોકલવા માટે

**Shree Veer Kund-Kund Kahan Nihal Sogani Trust**
**Bank Of India, MUMBAI**
**Current A/c No. 000520110000564 IFS CODE BKID0000005**



# પૂજ્ય સોગાનીજીના વચનામૃત

✻ શાસ્ત્રમાં પરિણામ જોવાની વાત આવે છે, તો (અજ્ઞાની) પરિણામ દેખતો રહે છે. ધ્રુવવસ્તુ રહી જાય છે. પરિણામને જ દેખતા રહેવામાં પરિણામની સાથે એકતા થઈ જાય છે, પરિણામીમાં એકતા નથી રહેતી. અનિત્યમાં નિત્ય ચાલ્યો જાય છે. પર્યાયની શુદ્ધિ આવી છે....આવી છે એમ પર્યાયની વાતમાં રસ પડી જવાથી, નિત્યનું જોર રહેતું નથી. પર્યાયમાં જોર કરવાની તો આદત પડી જ છે. ૭૪.

✻ આખી વસ્તુ (પ્રમાણનો વિષય) બતાવવામાં નિત્ય અને અનિત્ય દેખાડવામાં આવે છે. એમાં અનિત્ય અંગ બીજા (દ્રવ્ય)નું નથી. એમ બતાવવા માટે છે. પરંતુ દૃષ્ટિનો વિષય તો નિત્ય જ છે અને અનિત્ય મારાથી ભિન્ન જ છે. તેનો (ઉત્પાદ-વ્યયનો) ભાવ અને મારો (ધ્રુવનો) ભાવ વિરુદ્ધ છે. ૭૫.

✻ શક્તિની તરફ જુઓ તો, એટલું ભારે ભારે લાગે છે કે સંપૂર્ણ જગત ફરી જાય, તો પણ તે (અનંત શક્તિઓનો પિંડ) ફરી શકતો નથી. એવું ઘનસ્વરૂપ છે, તેમાં કંઈ વિચલિતતા જ નથી થતી. ૭૬.

✻ (અજ્ઞીની) પરિણામમાં બેસીને શક્તિને જુએ છે. શક્તિ આવી છે...આવી છે તેમાં તો, જોવાવાળો અને શક્તિ-બે જુદી જુદી ચીજ થઈ જાય છે. જેમ, બીજો બીજાની વાત કરતો હોય, તેમ થઈ જાય છે. ૭૭.

✻ દર્પણમાં જે પર્યાય દેખાય છે, તે તો ઉપર-ઉપર છે. અંદરમાં જે દળ પડ્યું છે તે તો જેવું છે તેવું જ છે. તે પર્યાયરૂપ થતું જ નથી એમ ત્રિકાળી સ્વભાવનું દળ તેવું ને તેવું જ છે, પર્યાયમાં આવતું જ નથી. ૭૮.

✻ શ્રદ્ધામાં ત્રિકાળીપણું આવી ગયું, તો વિકલ્પથી ભિન્નતા થઈ ગઈ–તે જ મુક્તિ છે. ચારિત્રમાં મુક્તિ થઈ જશે. ૭૯.

✻ શ્રોતા : વસ્તુ સ્વભાવનું લક્ષ થઈ જતાં, કાર્ય થાય જ છે?

પૂજ્ય સોગાનીજી : લક્ષ અને તેનું ધ્યેય બીજું હોવાથી વસ્તુ બીજી દેખાય છે એથી લક્ષની પર્યાયથી જોવાનું નથી. 'હું જ સ્વયં વસ્તુ છે' એમ જોવાથી લક્ષની પર્યાય ગૌણ થઈ જાય છે. તો તે પર્યાય ઉપર વજન નથી આવતું–મુખ્યતા નથી આવતી. તેમાં મુખ્યતા તો ત્રિકાળીપણાની રહે છે. ૮૦.

✻ બસ! એક જ વાત છે કે, 'હું ત્રિકાળી છું' એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવાવાળી હોય, તે યોગ્યતા અનુસાર થઈ જાય છે, હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય,

ન હોય, યાદ રહે, ન રહે, પરંતુ અસંખ્યપ્રદેશમાં, પ્રદેશ-પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ. ૮૧.

* શ્રોતા : ભગવાનની વાણી બહુ જોરદાર હશે?

પૂજ્ય સોગાનીજી : વાણીમાં શું જોર હોય? પોતામાં જોર હોય, તો વાણીમાં જોરનો આરોપ દેવાય છે. ૮૨.

* દ્રવ્યલિંગીને ત્રિકાળી પ્રત્યે ઉત્સાહ આવતો નથી. ઉત્સાહ આવત, તો 'ત્રિકાળી' થઈ જાત. ૮૩.

* 'કંઈ કરે નહિ, તો ગમે નહીં', એવી આદર થઈ ગઈ છે. પરંતુ 'કંઈ કરે, તો ગમે નહીં' એમ હોવું જોઈએ. ૮૪.

* (આત્મા માટે) રુચિની આવશ્યકતા જોઈએ. દરકાર હોવી જોઈએ. (વિકલ્પોથી) થાક લાગવો જોઈએ. તીવ્ર તૃપા (તાલાવેલી) લાગે તો શોધે જ. ૮૫.

* જ્યાં સુધી અંદરમાં (આત્મામાં) ડૂબકી નથી મારતો, ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. ૮૬.

* શ્રોતા : રુચિ વધતાં વધતાં, વસ્તુની મહત્તા વધતી જાય છે અને સુગમતા પણ વધુ ભાસે છે?

પૂજ્ય સોગાનીજી : રુચિ વધે છે–એવા લક્ષમાં પણ પર્યાયની મહત્તા થાય છે, તેમાં 'હું પણું' દેખાય છે, તો ત્રિકાળીમાં જામી શકાતું નથી. આ તો વિકલ્પવાળી રુચિ છે. 'હું તો પરિણામ માત્રથી ભિન્ન છું' એવો ત્રિકાળીનો અનુભવ થવો, તે જ અભેદની રુચિ છે. ૮૭

* કોઈ એકાંતથી, વેદાંતમાં ખેંચી ન જાય, તે માટે બંને વાત બતાવી છે. પર્યાય બીજામાં નથી થતી, કાર્ય તો પર્યાયમાં જ થાય છે–એમ કહે, તો ત્યાં ચોંટી જાય છે. આમ તો છે ને! આમ તો હોવું જોઈએ ને! અરે ભાઈ! શું હોવું જોઈએ? છોડી દે બધી વાતો જાણવાની! 'હું તો ત્રિકાળી જ છું' ઉત્પાદ-વ્યય કંઈ મારામાં છે જ નહીં. ૮૮.

* પ્રશ્ન : શરૂઆતવાળો વિચારમાં બેસ છે, તો 'હું આવો છું–હું આવો છું' એમ કરે છે, તો કલાક-અડધી કલાકમાં થાક લાગે છે, તે કેમ?

ઉત્તર : વિકલ્પમાં તો થાક લાગે જ ને? 'હું આવો છું' એવો અનુભવ કરવામાં શાંતિ છે. ૮૯.

* એક જ 'માસ્ટર કી' છે, બધી વાતોમાં, સર્વ શાસ્ત્રોમાં એક જ ''સાર'' છે. ત્રિકાળીપણામાં અહંપણું જોડી દેવાનું છે. ૯૦.

❀

# કસોટી

## દિગમ્બર જૈનધર્મની દઢ શ્રદ્ધાવંત શ્રેષ્ઠીકન્યા બંધુશ્રીની કથા

(આજના આ ભૌતિકયુગની ભૌતિકતાની લાલસામાં અંધ થયા થકા મૂઢ જીવો થોડી એવી ક્ષણિક ભૌતિક સંપત્તિની લાલસામાં આકર્ષાઈને, પોતાની દીકરીને જૈનધર્મીને ન આપીને, વિધર્મીને આપવામાં ગૌરવ અનુભવે છે કે અહા...! અમને વૈભવવાન વિધર્મી પરિવાર મળ્યો! આજની કેટલીક યુવતીઓ પણ ખુશી ખુશી જૈનધર્મને છોડીને વિધર્મીની સાથે જીવન વ્યતીત કરવું પસંદ કરે છે. આ પ્રસંગ સંબંધી ગુરુદેવશ્રી કહે છે કે વિધર્મીને દીકરી આપવા કરતાં દીકરીને કૂવામાં નાખી દેવી! કૂવામાં નાખવાથી તેનો એક ભવ બગડશે પણ વિધર્મીને ત્યાં જવાથી અનંત અનંત ભવ બગડશે! આજના આ ભૌતિકયુગની ભૌતિકતામાં જેઓ અંધ થઈ રહ્યા છે તેમના અજ્ઞાનની શું મહિમા...! આવા જીવોને આત્માની મહિમા તો દૂર રહી પણ જૈનદર્શનની જ મહિમા-શ્રદ્ધા નથી, તેને તો માત્ર ભૌતિક વૈભવની જ મહિમા છે!-એમ ગુરુદેવશ્રી કહે છે. આ કથા ઉપરથી આપણે બોધ પ્રાપ્ત કરીએ એવી ભાવના સહ આ કથા અહીં આપવામાં આવી છે.)

આ ભરતક્ષેત્રમાં માલવ દેશમાં અમરાવતી સમાન સુંદર ઉજ્જૈન નગરના રાજા વિશ્વંધરને ગુણપાલ નામનો એક રાજશ્રેષ્ઠી હતો, જેને ઈન્દ્રાણી સમાન સુંદર ધનશ્રી નામની સ્ત્રી હતી. તે બન્નેને લક્ષ્મી અને સરસ્વતી સમાન ગુણશાળી બંધુશ્રી નામની પુત્રી હતી.

વિશ્વંધર રાજા એક દિવસ વનક્રીડા માટે જઈ રહ્યો હતો, માર્ગમાં તેણે સખીઓની સાથે ક્રીડા કરતી શ્રેષ્ઠીકન્યા બંધુશ્રીને દેખી. આ અનિંદ્ય સુંદરીને દેખતાં જ રાજા કામપીડિત થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે આ દેવાંગના સમાન સુંદરીના અભાવમાં મારે જીવિત રહેવું નિરર્થક છે,—એમ વિચારી એક દાસીને બોલાવીને કહ્યું કે તું ગુણપાલ શેઠના ઘરે જા અને કહે કે રાજા તમારી પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઈચ્છે છે, તેથી શીઘ્ર શુભ મુહૂર્તમાં લગ્નની તૈયારી કરવા ફરમાવે છે.

દાસી ગુણપાલ શેઠના ઘરે આવીને કહે છે કે આપને હું ખુશાલીના સમાચાર આપવા આવી છું. મહારાજ વિશ્વંધર આપની પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઈચ્છે છે. આપનું ભાગ્ય જાગ્યું છે, મહારાજ જેવા જમાઈ મળવા એ ઓછા ગૌરવની વાત નથી! આપ મહા ભાગ્યશાળી છો, આપની કન્યાના સૌભાગ્યની શું પ્રશંસા કરવી? બંધુશ્રી તો હવે રાજાની પટરાણી બનશે.

ગુણપાલ શેઠ દાસીના વચનો સાંભળી વિચારવા લાગ્યા કે કન્યા સદા દિગમ્બર જૈન ધર્મીને જ દેવી જોઈએ, વિધર્મીને કન્યા આપવી તે મહા પાપ છે. રાજા દિગમ્બર જૈનધર્મી નથી, વિધર્મી છે. તેથી ગમે તે થાવ પણ હું વિધર્મી રાજાને મારી કન્યા નહિ આપું. સંસાર-સુખ માટે ધર્મ વેચી ન શકાય. ધર્મ જ સંસારથી ઉદ્ધાર કરનારો છે. ધર્મ જ જીવનો સાથી છે, તેના વિના જીવવું નિરર્થક છે. જે વ્યક્તિ સાંસારિક પ્રલોભનમાં

આવીને પોતાની કન્યા વિધર્મીને આપે છે તે નિંદનીય છે. અત્યાર સુધી બંધુશ્રીએ વીતરાગી દેવની સેવા-પૂજા ઉપાસના-ભક્તિ આદિ કર્યું છે, હવે તે વિધર્મીને ત્યાં જવાથી કેવી રીતે પોતાના ધર્મની રક્ષા કરી શકશે? શું વાસના માટે ધર્મને વેચી શકાય? નહિ, નહિ, કદાપિ ધર્મ વેચી ન શકાય. હું મારી કન્યાના જૈન ધર્માનુયાયીની સાથે જ લગ્ન કરીશ, ભલે તે ગરીબ કેમ ન હોય! ધન તો સાંસારિક વસ્તુ છે. આજે છે તે કાલે હશે એનો શું ભરોસો? પરંતુ દિગમ્બર જૈનધર્મ શાશ્વત વસ્તુ છે, એ જ આત્માનો સાથી છે, તેને છોડી દઈને કોઈપણ પદાર્થ પોતાનો નથી.–એમ વિચારસાગરમાં મગ્ન થઈ ગુણપાલ શેઠ વ્યથિત થઈ ગયા. તેમણે રાજાની દાસીને મીઠા વચનોથી સમજાવીને વિદાય કરી.

પછી પોતાની પત્નીને બોલાવીને તેનો અભિપ્રાય જાણવા શેઠ કહેવા લાગ્યા કે મહા પ્રતાપી વિશ્વંધર મહારાજ બંધુશ્રી સાથે વિવાહ કરવા માગે છે તે આપણા માટે કેટલી ગૌરવની વાત છે! બંધુશ્રી પટરાણી બનશે, રાજદરબારમાં અમારું માન રહેશે. તેથી જલદીથી બંધુશ્રીના લગ્નની તૈયારી કરવી જોઈએ.

ત્યારે ધનશ્રી કહે છે કે સ્વામીન્! આજે આપને આ શું થઈ ગયું? આપ આપના મુખેથી કેવી વિચિત્ર વાત કરી રહ્યા છો? રાજા વિશ્વંધર વિધર્મી છે, મિથ્યાદૃષ્ટિ છે. તેની સાથે મારી પુત્રીના લગ્ન કદાપી નહિ જ થઈ શકે. વીતરાગી પ્રભુની સેવા વિના રૂપ, લાવણ્ય, વિદ્યા, ધન, વૈભવ, આદિ બધું વ્યર્થ છે. **મદોન્મત્ત હાથીના પગ નીચે દબાઈને મરવું સારું પણ વિધર્મીની સાથે દીકરીના લગ્ન કરવા તે સારું નહિ.** જે વ્યક્તિ ધર્મ કરતાં રાજ્ય અને વૈભવને વધુ મહત્ત્વ આપે છે તે હલકી કોટીનો છે, કેમ કે દિગમ્બર જૈનધર્મની પાસે રાજ્યવૈભવ તુચ્છ છે, એ ક્ષણિક વૈભવની તુલના દિગમ્બર જૈનધર્મની સાથે થઈ શકે નહિ.

આશ્ચર્ય થાય છે કે સ્વામી! આપ દિગમ્બર જૈનધર્મના મર્મજ્ઞ હોવા છતાં બાહ્ય ઐશ્વર્યને મહત્તા આપી રહ્યા છો? અનિત્ય સુખને આપે હિતકર માની લીધા? શું આપ બંધુશ્રીને નરકમાં નાંખવા ઈચ્છો છો? આપણી પુત્રી બહુ જ ધર્માનુરાગી છે. જો તેનો વિવાહ વિધર્મીની સાથે થશે તો તેનો ઉદ્ધાર થવો અસંભવ છે. સંસારમાં અનંતકાળ પરિભ્રમણ કરતાં કરતાં કઠિનતાથી દિગમ્બર જૈનધર્મની પ્રાપ્તિ થાય છે. **જે વ્યક્તિ દિગમ્બર જૈનધર્મ પામીને પોતાનું કલ્યાણ કરતો નથી તેના સમાન મૂર્ખ કોણ હોઈ શકે? વિધર્મી રાજાની સાથે આપણી કન્યાના લગ્ન કરવા એટલે કન્યા સિંહને સમર્પણ કરવા સમાન છે.** સમજાતું નથી કે આપ સંપત્તિમાં કેમ મુગ્ધ થઈ ગયા છો? ધન-વૈભવ પ્રાપ્ત કરવામાં કાંઈ મહેનત પડતી નથી પરંતુ ધર્મ પ્રાપ્ત કરવામાં તો ઘણી મહેનત કરવી પડે છે. મને દૃઢ વિશ્વાસ છે કે દિગમ્બર જૈનધર્મીને સંસારમાં વૈભવ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે, વિભૂતિઓ તેના ચરણની દાસીઓ બની જાય છે. ક્ષણિક ઐશ્વર્યને દેખીને જે દિગમ્બર જૈનધર્મને છોડી દે છે તે કાચનું સૌંદર્ય દેખીને માણેકને છોડી દેનારા જેવો છે.

મિથ્યાદૃષ્ટિનો વૈભવ સ્થિર નથી રહેતો, થોડા જ દિવસોમાં તેની સંપત્તિ નાશ થઈ જાય છે ને ઘરઘરનો ભિખારી થઈ ભટકે છે. ઐશ્વર્ય હોવું તે કાંઈ મોટાઈ નથી પણ સાચા દિગમ્બર જૈનધર્મને ધારણ કરવાથી મનુષ્ય મોટો-મહાન ગણાય છે.

આપ બુદ્ધિમાન છો, ધર્માત્મા છો, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ જાણનારા છો, તોપણ આપને આવો ભ્રમ કેમ થયો? આપ સ્વયં વિચાર કરો, મારી વાત કેમ લાગે છે? હું આપને શું ઉપદેશ આપી શકું? આપ વિશેષજ્ઞ છો, શાસ્ત્રની મર્યાદા જાણનાર છો તેથી આપની આજ્ઞા જ મારે શિરોધાર્ય છે. મેં તો ફક્ત મારા વિચારો આપની સમક્ષ રજુ કર્યાં છે.

એ સાંભળીને ગુણપાલ શેઠ પોતાની પત્નીને કહે છે કે તમારી બુદ્ધિ અને ઉચ્ચ વિચારો જાણી મારા હૃદયમાં અત્યંત પ્રસન્નતા થાય છે. મેં તો ફક્ત તમારી પરીક્ષા લીધી હતી. વિધર્મીને કન્યા દેવાના પક્ષમાં હું બિલકુલ નથી. મારો વિચાર સાધર્મીની સાથે જ કન્યાના વિવાહ કરવાનો છે. હવે બંધુશ્રીને બોલાવીને તેના વિચારો પણ જાણી લેવા જોઈએ કેમ કે વિવાહમાં કન્યાની સલાહ લેવી પણ જરૂરી છે.

ગુણપાલ શેઠે બંધુશ્રીને બોલાવીને પ્રેમપૂર્વક કહ્યું બેટી! તારા સમાન કોણ પુણ્યવાન હશે! માલવનરેશે જ સ્વયં તારી સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે અને વિવાહ થયા બાદ તુરત જ તને પટરાણીનું પદ અર્પણ કરશે, સમસ્ત રાજ્ય-સુખને તું ભોગવીશ, અમારું પણ ભાગ્ય જાગશે ને સમસ્ત દેશ અમારું સમ્માન કરશે. રાજા પણ મને ઉચ્ચ આસન આપશે અને જ્યારે તારા પુત્રને રાજ્ય-શાસન મળશે ત્યારે અમારી પ્રતિષ્ઠા તો ઘણી જ વધી જશે. બેટી! અમે ધન્ય છીએ કે તારા જેવી કન્યા અમને પ્રાપ્ત થઈ છે. આજે અમારી જેવું સૌભાગ્યશાળી કોણ હશે? પુણ્યાત્માને જ આવો સુઅવસર પ્રાપ્ત થાય છે.

પિતાશ્રીના આવા ઊલટા શબ્દો સાંભળીને બંધુશ્રી ખેદથી કહે છે કે પિતાજી! ક્ષમા કરજો, આજે આપને આ શું થઈ ગયું છે? આપ મને સાંસારિક વૈભવમાં લોભાવવા માગો છો? આપ વિધર્મીની સાથે મારા લગ્ન કરીને મારા ધર્મને નષ્ટ કરવા ઈચ્છો છો? હું વાસનાલોલુપી નથી. ધર્મને કોડીના મોલથી વેચવો એ બુદ્ધિમાનીનું કામ નથી. શું આપ નથી જાણતાં કે આ દિગમ્બર જૈનધર્મ જ દરેક પ્રાણીઓનું હિત કરવાવાળો છે? આ ધર્મ જ ત્રિભુવનમાં ઉત્તમ, પૂજ્ય અને વંદનીય છે. સમસ્ત સુખને દેવાવાળો આ દિગમ્બર જૈનધર્મ જ છે. આ ઉત્તમ ધર્મને ધારણ કરવાથી જ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે. આવો જૈનધર્મ મહાન પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે.

પિતાજી! ધ્યાનથી સાંભળજો, હું આપને દિગમ્બર જૈનધર્મની દૃઢતાનો એક પ્રસંગ સંભળાવું છું. આવા તો અનેક પ્રસંગો પૂર્વે બની ગયા છે.

મહારાણી ચેલના રાજગૃહીમાં આવીને મહારાજ શ્રેણિક સાથે લગ્નથી જોડાય છે ને અચાનક તેનું ધ્યાન જાય છે કે મહારાજ શ્રેણિકનું ઘર પરમ પવિત્ર જૈન ધર્મથી રહિત છે. હાય! પુત્ર અભયકુમારે મહાન બુરું કર્યું, મારા નગરમાં છળથી જૈનધર્મનો વૈભવ બતાવી મને ભોળીભાળીને છેતરી લીધી. **અહા! જે ઘરમાં પવિત્ર જિનધર્મની પ્રવૃત્તિ છે તે જ ઘર ખરેખર ઉત્તમ છે, પરંતુ જ્યાં પવિત્ર જૈનધર્મની પ્રવૃત્તિ નથી તે ઘર રાજમહેલ હોય તોપણ કદી ઉત્તમ કહી શકાતું નથી પરંતુ પક્ષીઓના માળા સમાન છે. સંસારમાં ધર્મ હોય અને ધન ન હોય તો ધર્મની પાસે ધન ન હોવું તો સારું છે, પરંતુ ધર્મ વિના અતિશય મનોહર સાંસારિક સુખનું કેન્દ્ર એવું ચક્રવર્તીપણું પણ સારું નથી. ભયંકર વનમાં નિવાસ કરવો ઉત્તમ છે, અગ્નિમાં બળવાથી કે વિષથી મૃત્યુ થાય તે સારું છે તેમ જ સમુદ્રમાં ડુબવાથી મરણ થાય તે સારું છે પરંતુ જૈનધર્મ રહિત જીવન જીવવું સારું નથી.** પતિ ભલે કદાચ ઘણા ગુણોનો ભંડાર હોય તોપણ તે જિનધર્મી ન હોય તો શું કામનો? કેમ કે કુમાર્ગગામી પતિના સહવાસથી આ ભવમાં તથા પર ભવમાં અનેક પ્રકારના દુઃખ જ ભોગવવા પડે છે. હાય! પૂર્વ ભવમાં મેં એવા ક્યા ઘોર પાપો કર્યા હતા કે જેથી આ ભવમાં મારે જૈનધર્મથી વિમુખ થવું પડ્યું? આ રીતે જિનધર્મી ચેલના પવિત્ર જૈનધર્મ રહિત ઘર અને પતિ મળતાં મહા વિલાપ કરે છે.

પિતાજી! મને મહાન આશ્ચર્ય થઈ રહ્યું છે કે ગૃહિત મિથ્યાદૃષ્ટિની સાથે આપ મારા વિવાહ કરવા કેવી રીતે તૈયાર થઈ ગયા? શું તમે મારું હિત નથી ઈચ્છતા? હિતૈષી થઈને પણ વિધર્મી સાથે મારો વિવાહ કરવા તૈયાર થયા છો? **મારે માટે ધર્મની પાસે રાજ્યવૈભવ રાખ સમાન છે.** આજે તમને તમારા સન્માનનો ખ્યાલ આવે છે, પણ વિધર્મીની સાથે મારા વિવાહ કરવા કરતાં આપ મારી હત્યા કરી દ્યો એ વધુ શ્રેષ્ઠ છે. હું દિગમ્બર જૈનધર્મનું પાલન કરતાં કરતાં મારા પ્રાણ દેવા પણ ઉચિત સમજું છું. અરેરે! આપ પિતા થઈને પણ મારું અનિષ્ટ કરવા તૈયાર થઈ ગયા છો! શું આ સમયે મારી રક્ષા કોઈ નહિ કરે? એમ કહીને બંધુશ્રી રુદન કરવા લાગી.

બંધુશ્રીની ધર્મશ્રદ્ધા દેખીને ગુણપાલ શેઠ પુત્રીને કહે છે કે ધન્ય છે પુત્રી તને! આજે મારું જીવન સફળ થયું. તારી જેવી પુત્રીને પામી હું ઘણો જ ગૌરવ અનુભવું છું, બેટી! આ તો માત્ર તારી કસોટી જ હતી, તેમાં તું પૂરેપૂરી સફળ થઈ છો. બેટી! હું જીવતો છું ત્યાં સુધી તારા વિવાહ વિધર્મીની સાથે કદાપી થવા દઈશ નહિ.

ગુણપાલ શેઠ વિચારવા લાગ્યા કે અહીં રહેવાથી રાજા બળપૂર્વક મારી કન્યા સાથે વિવાહ કરી લેશે અને રાજાની આજ્ઞા-ઉલ્લંઘનથી દંડ પણ ભોગવવો પડશે. તેથી આ ગામ છોડીને ચાલ્યા જવાથી પુત્રીની રક્ષા થઈ શકશે. **આ પ્રકારે વિચાર કરી ગુણપાલ શેઠ પોતાની એક અબજ ને આઠ કરોડની સંપત્તિ છોડીને પુત્રીને લઈને રાતોરાત પોતાનું ગામ છોડીને ચાલી નીકળ્યા!**

(જુઓ અનુસંધાન પેઈજ નં. ૩૨ ઉપર)

# લૌકિક પ્રમાણિકતાના અભાવમાં આત્મા જ્ઞાનમાં પ્રમાણ થઈ શકે નહીં.

આપણા જેવા ભવ્ય જીવો અનંતવાર સમવસરણમાં જવા પામ્યા, અનંતવાર દિવ્ય દેશનાનું અમૃતપાન પણ પામ્યા—તે આપણું પરમ સૌભાગ્ય ગણાય. તેમ છતાં તે સૌભાગ્ય-પણાનું ફળ કેમ સુલભ બનવા ન પામ્યું તે એક ગંભીર વિચારણીય વિષય ગણી શકાય.

જોકે આપણું એ પરમ સૌભાગ્ય છે કે આવા વિષમકાળમાં આપણને કળિકાળ સર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ અને કળિકાળ ગણધર શ્રી અમૃતચંદ્રાચાર્યદેના કેડાયત ગુરુવર કહાનગુરુદેવનો સત્‌સમાગમ પ્રાપ્ત થયો, તેઓશ્રીની ભવવિનાશીની દેશનાનું શ્રવણ પ્રાપ્ત થવા પામ્યું, તેથી પોતે 'કેવળી આગળ રહી ગયો કોરો' કેમ!–એ વિચારવા, સમજવા આપણે સક્ષમ બન્યા છીએ.

**मधुराधिपति सर्वम् मधुरम्**—એવા પૂજ્ય ગુરુદેવશ્રીના મોક્ષમાર્ગપ્રકાશક ઉપદેશના પરમ પ્રતાપે આપણે નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, ક્રમબદ્ધ આદિ જેવા ગહન સિદ્ધાંતોના કોયડાની ગૂંચ ઉકેલવામાં–સમજવામાં અધિકતમ્ સફળ રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને દ્રવ્યની દૃષ્ટિ કેમ થાય તે કળા સમજાવી દીધી છે કે પર્યાય પર્યાયમાં હોવા છતાં પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કરવાથી તેની દૃષ્ટિ થાય છે. ૪૫-૪૫ વર્ષો સુધી તેઓશ્રીએ આપણને આ વિષય એટલી બધી છણાવટપૂર્વક સમજાવ્યો છે કે તેનું ઘોલન-મનન-ચિંતન કરવાથી આત્માનુભૂતિ થશે જ એવી પ્રસન્નતા ઊપજે છે;.....તોપણ!!

તોપણ કેમ કાર્ય આવતું નથી?–તે ગંભીરપણે સંશોધનીય બાબત છે. જે પર્યાય હોવા છતાં અવિદ્યમાન હોય તેટલી હદે ગૌણ કરવી છે તે પર્યાય હોય કેવી?–તે ક્યારેક વિચારવું જોઈએ. તે પર્યાય કુદેવાદિને માનવારૂપ હોઈ શકે ખરી? તે પર્યાય ગૃહીત-અગૃહીત મિથ્યાત્વના વિવેક રહિત હોઈ શકે ખરી? સામાજિક સમન્વય સાધવા માટે દેશકાળને અનુસાર, જિન-આજ્ઞાથી ઉપરવટ, બાંધછોડ કરવારૂપ તે પર્યાય હોઈ શકે ખરી? ધર્મ-પ્રભાવનાના કાર્યો કરતાં રહેવા છતાં લોક-વ્યવહારમાં કે વ્યવસાયમાં અપ્રમાણિકતારૂપ તે પર્યાય હોઈ શકે ખરી? પર્યાયમાત્રને અવિદ્યમાન હોવારૂપ ગૌણ કરીને હેય જ કરવી છે તો તે પર્યાય ગમે તેવી હોય તો શું વાંધો ?

નિશ્ચય માટે વ્યવહાર અકિંચિત્કર છે; અરે! વ્યવહાર હોતો થકો દુષ્ટ, અનિષ્ટ ને

ઘાતક હોવા છતાં, દ્રવ્યાનુસારી ચરણ જ હોય! નિશ્ચયની પ્રાપ્તિ સાથે વ્યવહાર પણ તેને યોગ્ય જ હોય-ગમે તેવો વ્યવહાર હોઈ શકે જ નહીં, ભલે તે અકિંચિત્કર હોય!

પૂજ્ય ગુરુદેવશ્રીએ જૈનજગતમાં શંખનાદ ફૂંકીને સમજાવ્યું છે કે શુદ્ધ સાધ્યની પ્રાપ્તિ માત્ર શુદ્ધ સાધન દ્વારા જ થઈ શકે...પૂર્ણ શુદ્ધ એવા મોક્ષની પ્રાપ્તિ શુદ્ધ મોક્ષમાર્ગ વડે જ થઈ શકે, અશુદ્ધ મોક્ષમાર્ગ વડે નહીં—વ્યવહાર મોક્ષમાર્ગ વડે નહીં અર્થાત્ નિશ્ચયની પ્રાપ્તિ વ્યવહાર વડે થઈ શકે નહીં, તોપણ, જેમ નિમિત્ત અકિંચિત્કર હોવા છતાં નિમિત્તની હાજરી અવશ્ય હોય છે, તેમ ધર્મની સાધનામાં લૌકિક પ્રમાણિકતા આદિ અકિંચિત્કર હોવા છતાં ધર્મના સાધકોના પરિણામમાં લૌકિક પ્રમાણિકતા આદિ અવશ્ય હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરવામાં આવે તો વ્યવહાર કર્તવ્યરૂપ છે એવું વજન ન સમજી બેસીએ તેવી રીતે તેઓશ્રી ઈશારારૂપ વ્યવહાર કેવો હોય તે જુદા જુદા દૃષ્ટાંતો વડે પ્રસંગોપાત પ્રવચનોમાં કહેતા રહેતા હતા. જેમકે તેઓ સ્વયં જ્યારે વ્યવસાયમાં જોડાયેલા હતા ત્યારે રેલ્વેમાં સામાનના લગેજચાર્જની ચોરી ન કરવી, વેપારીથી ચોરીછૂપીથી તેના માણસ પાસેથી ઓછા ભાવે સામાનની ખરીદી ન કરાય—ઈત્યાદિ પ્રમાણિકતાના પ્રસંગો વડે (મોક્ષાર્થીને આવી લૌકિક પ્રમાણિકતા તો હોય જ-તેના માટે ઉપદેશની શી જરૂર! તેમ માનવા છતાં) વારકવારે કોઈ કોઈ દૃષ્ટાંત યાદ કરી દેતા હતા કે રાજ્યનો દીવાન રાત્રે રાજ્યનું કામ કરે તો રાજ્યની મીણબત્તી વાપરે ને પોતાનું કામ કરે ત્યારે રાજ્યની મીણબત્તી ન વાપરે—પોતાની ઘરની મીણબત્તી વાપરે. આવી તો પ્રમાણિકતા અન્યમતિમાં પણ હોય અર્થાત્ મોક્ષાર્થીને તો સહજરૂપે હોય જ ને!-એમ માનતા ને કહેતા હતા.

**તેઓશ્રી પ્રમાણિકતા માટે કહેતા કે ''લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણાં ન હોય એને ધર્મ થઈ જાય ઈ ત્રણ કાળમાં ન બને. અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે.''**

કોઈ વ્યક્તિએ કપડાં ફાટેલાં અને મેલાં પહેર્યાં હોય અને સોનાના ભારે દાગીના પહેર્યાં હોય તો તેના દાગીનાની શોભા નથી, તેમ લૌકિક પ્રમાણિકતા પણ જેનામાં ન હોય તેને ધર્મ શોભતો નથી. ''ધર્મ દાગીના સમાન છે અને નીતિ વસ્ત્ર સમાન છે.''

પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપરોક્ત હૃદયોદ્ગારને ખોલીને વિચારવા જેવું છે. ''લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણાં ન હોય.''—તે વાતમાં લૌકિક પ્રમાણિકતા સંબંધી પોતાના હિત માટે તેનો તાગ મેળવવાની જરૂર છે. વર્તમાન ભૌતિકયુગમાં જ્યાં ભોગની પ્રબળતા વર્તે છે, તૃષ્ણા પૂરી કરવામાં પાપનો કોઈ ભય હોતો નથી તેવા યુગમાં અન્યોની પ્રવૃત્તિના સંગમાં પોતાના પરિણામમાં ક્યાંય અપ્રમાણિકતાના છાટાં ઊડ્યા તો નથી ને!-એની સાવધાની રાખવાની જરૂર લાગવી જોઈએ.

સામાન્ય રીતે અભક્ષ્યનું સેવન કરતો ન હોય, રાત્રિભોજન આદિનો ત્યાગ હોય, દેવ-દર્શન આદિ નિયમિત કરતો હોય છતાં 'ધંધામાં તો ખોટું કરવું પડે; અઢળક પૈસા કમાવા હોય તો સત્યવાદી થવું ન પાલવે; પાણીના પૂર કોઈ દી શુદ્ધ જળના જોયા છે? માટે ધંધાના કાર્યને ધરમ સાથે ન જોડાય; ધર્મ-પ્રભાવનામાં પણ પૈસા વાપરીયે જ છીએ ને! ''—ઈત્યાદિ વિચારસરણીથી જીવ છેતરાતો રહેતો હોય તો પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપરોક્ત હૃદયોદ્‌ગારનું ખૂબ મંથન કરવું જરૂરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશ પ્રતાપે સામાન્યપણે સર્વેને એક જ ભાવના વર્તતી હોય છે કે મારે ધરમ કરવો છે; તોપણ પોતે કેવી રીતે પોતાના પરિણામ દ્વારા છેતરાતો રહેતો હોય છે તે વિચારવાની જરૂર છે. પૈસાની તૃષ્ણામાં, સામી પ્રમાણિક વ્યક્તિને ભલે નુકશાન થાય, મને તો લાભ થાય છે ને!—એ વૃત્તિ જોર કરતી રહેતી હોવાથી, એ ભૂલી જવાય છે કે મને ૧૦૦ રૂપિયાનું નુકશાન થતું હોય તો ભલે થાય પણ હું સામી વ્યક્તિને ૧ રૂપિયાનું પણ નુકશાન પહોંચાડવાની અપ્રમાણિકતા નહીં કરું!

વ્યવસાય આદિમાં અપ્રમાણિકતા આદિ તો બહુ સ્થૂળ પાપ છે; જીવ વિચારે તો પોતે પણ સમજી શકે તેવું છે. તેવી રીતે ધાર્મિકક્ષેત્રમાં કે ઘરગૃહસ્થીમાં પણ કેવા કેવા પ્રકારે જાણ્યે-અજાણ્યે અપ્રમાણિકતા થઈ જતી હોય છે તે શાંતિથી વિચારવાથી સમજી શકાય તેવું છે.

ધાર્મિકક્ષેત્રમાં અપ્રમાણિકતા એટલે શું?–કે જેમ કે રાવણનો ત્રૈલોક્યમંડન હાથી પૂર્વભવમાં મુનિદશામાં આહાર લેવા ગયો, ત્યાં ગ્રામવાસીઓએ તેને અગાઉના કોઈ વિશેષ તપસ્વી મુનિરાજ સમજીને ઘણી ભક્તિ આદિ કર્યાં; આ મુનિ સમજી ગયા કે મને અન્ય વિશેષ તપસ્વી મુનિરાજ સમજીને વિશેષ ભક્તિ આદિ કરે છે છતા મૌન રહ્યા! ફળસ્વરૂપે ત્રૈલોક્યમંડન હાથી થયા! ધાર્મિકક્ષેત્રમાં અપ્રમાણિકતાનું ફળ તિર્યંચગતિ પામ્યા. તેવી રીતે કોઈ વ્યક્તિનું કોઈપણ પ્રકારનું ધાર્મિકકાર્ય પોતાના નામે પ્રસિદ્ધ કરવું એ તો મૌન રહેવા કરતાં પણ વિશેષ અપ્રમાણિકતા છે. માટે, આવા કોઈપણ પ્રકારોમાં ધાર્મિકક્ષેત્રે અજાણતાં પણ અપ્રમાણિકતા ન થઈ જાય તે માટે સાવધાન રહેવું જરૂરી છે, કેમ કે જો લૌકિક પ્રમાણિકતાના અભાવમાં આત્મા જ્ઞાનમાં પ્રમાણ થઈ શકતો ન હોય તો ધાર્મિકક્ષેત્રની કોઈપણ પ્રકારની પ્રમાણિકતાના અભાવમાં કેટલાય ભવોપર્યંત આત્મા જ્ઞાનમાં જણાવો અસંભવિત જ હોય ને!

સ્વ. વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ ચૂસ્ત શાકાહારી હોવાથી તેમને ઈચ્છા ન હોવા છતાં, માંસ-મત્સ્ય-મદિરાના ઉદ્યોગના વિકાસ માટે જે તે ખાતાની રચના અને જે તે ખાતા માટે પ્રધાનોની તેમણે નિમણુંક કરવી પડતી હતી; પોતે ચુસ્ત શાકાહારી હોવા છતાં

ઉપરોક્ત કાર્ય દ્વારા થતી હિંસાના પાપમાં તેઓને પૂરેપૂરા ભાગીદાર બનવું પડતું હતું; તેથી, ખરેખર તો તેમણે તેવા પદાધિકારનો ત્યાગ કરી દેવો જોઈએ. આ દૃષ્ટાંતથી પોતે પોતાના માટે ઘણી સાવધાની વિચારવી જોઈએ.

વધુમાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું છે કે ''અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવે એટલે હેઠલી વાતનું કાંઈ નહીં એમ ન હોય''—અહીં પૂજ્ય ગુરુદેવશ્રીએ એમ આદેશ કર્યો છે કે અમારી તત્ત્વની ઊંચી વાત સાંભળવાને તો જ તું પાત્ર છો જો તારો લૌકિક વ્યવહાર-વ્યવસાય આદિ ધર્મની શોભા વધારે તેવા હોય. ''પાત્ર થવું કઠણ છે. વાતો કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ! સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા...કેટલી સજ્જનતા...કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય.''

''જૈનદર્શનમાં જેવો વ્યવહાર કહ્યો છે એવો વ્યવહાર ન માને તો ઈ નિશ્ચયાભાસી છે અને ઈ વ્યવહારને ધર્મ માને તો ઈ વ્યવહારાભાસી છે.''

**''સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજું જેને ઠેકાણાં નથી; મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ જેને ઠેકાણાં નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના તેને ઠેકાણાં હોય તેમ બને નહીં.''**

પ્રશ્ન ઊઠવો સંભવિત છે કે લૌકિક પ્રમાણિકતાના સંદર્ભમાં આટલું બધું શા માટે વિચારવું? તત્ત્વ સંબંધી વિચારવામાં સમય ગાળવો જોઈએ. ભાઈ! તત્ત્વનિર્ણય એ જ સ્વાનુભૂતિનો એકમાત્ર ઉપાય હોવાથી પૂરું જીવન તત્ત્વવિચારમાં ગાળવું જોઈએ. તેમ છતાં જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ અપ્રમાણિકતા માટે આટલું કડક કહ્યું છે તો તેની પાછળ કાંઈક રહસ્ય તો હોવું જોઈએ ને! અપ્રમાણિકતામાં ઘણા મોટા દોષો છૂપાયેલા રહે છે. અપ્રમાણિકતા ત્યારે જ આચરી શકે જ્યારે (૧) તે વિષય સંબંધી તીવ્ર લોલુપતા હોય. જેમકે પૈસાના વ્યવહારમાં અપ્રમાણિકતા તો જ કરી શકે જો તેને પૈસાની તીવ્ર લોલુપતા હોય. (૨) અપ્રમાણિકતામાં સામી વ્યક્તિને છેતરવા માટે વિશેષ માયાચારી કરવી પડે. તીવ્ર માયાચારીનું ફળ, આગમ અનુસાર, કાળક્રમે નિગોદ છે. (૩) અપ્રમાણિકતા વડે સામી વ્યક્તિને છેતરવાથી તે જીવને કેટલું દુઃખ થશે તે સમજતો હોવા છતાં તેના દુઃખને મારે જાણવું નથી એમ પોતાના જ્ઞાનને જ જાણવાનો નિષેધ કરીને આકરાં જ્ઞાનાવરણીય કર્મને નિમંત્રણ આપે છે. (૪) અપ્રમાણિકતા માયાચારીપૂર્વક જૂઠા વર્તન-વાણી સિવાય આચરી શકાતી ન હોવાથી તે સંબંધીનું જૂઠાણું સદાય સ્મરણમાં રાખવું પડે છે. (૫) પોતાની તીવ્ર લોલુપતા-તૃષ્ણા પૂરી કરવા જે અપ્રમાણિકતા આચરી શકે છે તેને જો અનુકૂળતા હોય તો અપ્રમાણિકતા વડે પોતાને મનગમતી બધી જ સામગ્રી મેળવી લેવાની તેની અંતરંગ ચાહના નિરંતર પોષાતી રહેતી હોય છે.......ઈત્યાદિ અનેક પ્રકારના દોષોનું

નિવાસસ્થાન એટલે અપ્રમાણિકતા! તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રીએ લૌકિક અપ્રમાણિકતા-વાળાને ત્રણ કાળમાં ધર્મ ન પામે એમ કહ્યું છે તે કાંઈ 'ચીભડાંના ચોરને ફાંસીની સજા' જેવું નથી, બલ્કે ફાંસીની સજા પણ જે ગુન્હા માટે બહુ ઓછી હોય એવો મોટો દોષ અપ્રમાણિકતાનો હોવાથી આટલું કડક કહ્યું છે, કેમ કે તેને અંતઃકરણમાં ખરેખર આત્માની મહત્તા-રુચિ નથી પણ તૃષ્ણાની મહત્તા-રુચિ પોષાતી હોય છે-ભલે ને તે દેવ-દર્શન-પૂજાદિ કરતો હોય કે ધર્મ પ્રભાવનાના કાર્યોમાં જોડાતો રહેતો હોય!

એક તર્ક ઉપજી શકે કે જો અપ્રમાણિકતા આટલા મોટા દોષરૂપ હોય, પાપનું કારણ હોય તો અપ્રમાણિકતા આચરે તેને તેનું ધાર્યું કાર્ય કેમ થાય છે? પાપના કાર્યથી અનુકૂળતા મળે એવું તો બનવું ન જોઈએ અને બને છે તો એવું કે બીજાને છેતરે—અપ્રમાણિકતા કરે ને પોતાની ઈચ્છા મુજબ ધાર્યું ફળ મળે છે. જેમ કે વ્યવસાયમાં બીજાને છેતરીને પૈસા બચાવી શકે છે કે વધુ પૈસા મેળવી શકે છે. તેથી એમ સિદ્ધ થયું કે અપ્રમાણિકતા એ પાપરૂપ નથી, દોષરૂપ નથી, પરંતુ જીવનવ્યવહારની આવડતનું કાર્ય છે, કુદરતી સ્વાભાવિક કાર્ય છે!!

અભક્ષ્ય ભોજનના લોલુપી જીવની સમજ એવી હોય છે કે મને ભૂખની વેદના થતી હોય ને હું માંસ-મત્સ્ય આદિનો આહાર કરું છું ને મને તૃપ્તિ થાય છે, ભૂખની વેદના શમી જાય છે, માટે માંસનો આહાર પાપરૂપ ન હોઈ શકે પણ જે તે કૂળમાં ઉપજેલ જીવના જીવનનું કુદરતી સ્વાભાવિક કાર્ય છે.—તેના જેવો અપ્રમાણિકતા સંબંધી ઉપરોક્ત તર્ક છે કે અપ્રમાણિકતાના ફળમાં અનુકૂળતા મળે છે!

ક્ષુધાવેદના અશાતાનું કાર્ય છે, માંસભક્ષણથી ક્ષુધાવેદના શમતી નથી પરંતુ ક્ષુધાવેદના શાંત થવાનો કાળ પાકતા શાતાના ઉદયથી તે શાંત થાય છે ને માંસભક્ષણથી તો આગામી કાળ માટે પાપ બંધાય છે, પણ અજ્ઞાનીને શાતા-અશાતાના કાર્યકારણની સમજ ન હોવાથી, 'કાગડો બેસતા ઝાડની મોટી ડાળ તૂટવાનું' ભ્રમથી માનવાની જેમ માંસભક્ષણથી ક્ષુધાવેદના શાંત થયાનો ભ્રમ ઊપજે છે.

બસ, આવી જ રીતે અપ્રમાણિકતા આચરે ને અનુકૂળતાની પ્રાપ્તિ થતી હોવાનું ભ્રમથી ભાસે છે; ખરેખર તો શાતા ઉદયનો કાળ પાકતા અનુકૂળતા પ્રાપ્ત થાય છે અને તે વખતે આચરેલી અપ્રમાણિકતા માત્ર નવા પાપને બાંધવાનું કારણ બને છે. માટે, અપ્રમાણિકતા એ કાંઈ જીવનવ્યવહારની આવડતનું કાર્ય નથી પરંતુ આત્માને ઘોર અપાર સંસારમાં રખડાવનારો દોષ છે. તેથી જ અપ્રમાણિકતાવાળા ત્રણ કાળમાં ધર્મ ન પામી શકે એમ પૂજ્ય ગુરુદેવશ્રીએ કહેવું પડ્યું છે.

આનો અર્થ તો એ થયો કે અપ્રમાણિકતાથી બચવા ખૂબ મહેનત કરવી પડે! કે ના, બહુ સરળ છે. કઈ રીતે? કે-

સરદાર શહેરનિવાસી('અટલ વિશ્વ મર્યાદા'વાળા) શ્રી દીપચંદજી શેઠિયા દર વર્ષે નોરતામાં દસ-પંદર દિવસ સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. એક વખત તેઓને જે બંગલે નિવાસ કરાવેલ ત્યાં એક કૂતરી ખૂબ ભયભીત બનીને આમ-તેમ દોડાદોડ કરતી હતી; તે દેખીને તેઓએ મારા કાકા-બાપુજી(શ્રી ઉમેદભાઈ-શ્રી નાગરભાઈ)ને પૂછ્યું કે આમ કેમ? તેઓએ કહ્યું કે દર વર્ષે આ એકાંત નિર્ભયસ્થાનમાં તે કૂતરી બચ્ચાઓને જન્મ આપે છે; અત્યારે તેને પ્રસૂતિનો સમય નજીક છે ને અહીં માણસોની અવરજવર ખૂબ વધી જવાથી તેને ભય ઉપજ્યો છે, તેથી ભયથી દોડાદોડ કરે છે. શેઠિયાજીએ કહ્યું કે ''દૂસરેકો દુ:ખી કરનેકે લિયે હમારા ભવ હો હી નહીં સકતા!''

બસ, દરેક પ્રસંગ અને પ્રવૃત્તિમાં આ એક જ 'માસ્ટર કી' વાપરવાની છે કે ''કોઈને દુ:ખી કરવા માટેનો મારો આ ભવ નથી!'' આટલું મુખ્ય રાખતા અપ્રમાણિકતા માઈલો દૂર જતી રહેશે-ઉદ્‌ભવશે જ નહીં, કેમ કે બીજાને દુ:ખી કર્યા વિના તેની સાથે અપ્રમાણિકતા આચરી શકાતી જ નથી.

જોકે અપ્રમાણિકતાનો અભાવ હોય તો તે કાંઈ ધર્મ નથી, પરંતુ નિશ્ચય-મોક્ષમાર્ગના સાધક જીવને પોતાની ભૂમિકા અનુસાર આવું ભિંજાયેલું હૃદય સહજપણે હોય-એમ પૂજ્ય ગુરુદેવશ્રી નિશ્ચયની સાથે વ્યવહારધર્મની પ્રરૂપણા પ્રત્યે પણ સજાગ રહેતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કરુણા કરીને હજારોવાર આપણને કહ્યું છે કે—

''આવા કાળે આવું તત્ત્વ સમજવા માંડ મનુષ્યદેહ મળ્યો છે તે ચાલ્યો જશે હો ! આ ભવ તો એક સ્વપ્ન જેવો છે. સ્વપ્ન પણ બહું મોટું કહેવાય, અનંતકાળના હિસાબે માણસના ૫૦-૬૦-૭૦-૭૫ વર્ષની ગણતરી શી? થોડો કાળ!-એમાં તારું આત્મહિત કરી લે બાપા! આગ્રહ છોડી દે ને સત્ય હોય તેનું શરણ લે; ફરી પાછા આવા ટાણા નહીં મળે!'

પંડિતપ્રવર ટોડરમલજીએ કરુણાપૂર્વક કહ્યું છે કે ''બહુરિ ઈસ અવસર વિષૈં ભી તત્ત્વનિર્ણય કરનેકા પુરુષાર્થ ન કરે, પ્રમાદતેં કાલ ગમાવૈ, કૈ તો મંદરાગાદિ લિએ વિષયકષાયનિકે કાર્યનિહીવિષૈ પ્રવર્તૈં, કૈ **વ્યવહારધર્મકાર્યોંમેં** પ્રવર્તૈં, તબ અવસર તો જાતા રહૈ, સંસારહીવિષૈ ભ્રમણ હોય....સો મુખ્યપને તો તત્ત્વનિર્ણય વિષૈં ઉપયોગ લગાવનેકા પુરુષાર્થ કરના, અબ સર્વ પ્રકાર અવસર આયા હૈ, ઐસા અવસર પાવના કઠિન હૈ.''

આના સંદર્ભમાં વિચારીએ તો તત્ત્વની સમજ પડ્યા પછી પણ; તત્ત્વની થોડી રુચિ જાગૃત થયા પછી પણ; ગુરુની કૃપાપૂર્ણ લાલબત્તી દેખવા છતાં પણ વ્યવસાય આદિ લૌકિક પ્રવૃત્તિથી નિવૃત્તિ નહીં લેવારૂપ પોતાની સાથે જે છેતરપિંડી કરે છે તે તો અનંતા ભવભ્રમણ વધારતો હોવાથી સૌથી મોટો અપ્રમાણિક છે. આવી અપ્રમાણિકતાથી સાવધાન થયા વિના આત્મહિતની સાધના અસંભવ !!

પૂજ્ય ગુરુદેવશ્રીની આધ્યાત્મિક દેશના જેમ અત્યંત માર્મિક હોય છે તેમ તેઓશ્રીની વ્યવહાર-આચરણની ટકોર પણ અત્યંત માર્મિક હોય છે. અત્રે અપ્રમાણિકતાની વિચારણા કરી તેવી રીતે તેઓશ્રીના અનેક વ્યવહાર-ઉપદેશના હાર્દને સમજવાની જરૂર છે. જેમકે તેઓશ્રી કહેતા કે મુમુક્ષુના ઘરમાં ૨૦-૨૫ વર્ષ ઉછરેલી દીકરીને તેના મા-બાપ પૈસાદિની મુખ્યતા કરીને અન્યમતમાં દીકરી પરણાવે છે તે મુમુક્ષુને ખરેખર તો આત્માની જિજ્ઞાસા તો ક્યાંય દૂર રહી, તેને ખરેખર તો વીતરાગધર્મની જ મહત્તા નથી એટલે કે તેને વીતરાગ જૈનદર્શનની જ શ્રદ્ધા નથી!! તેને તો લૌકિક માન-સન્માન-પૈસાદિની જ મહત્તા ને રુચિ છે! પૂજ્ય ગુરુદેવશ્રીના આ જ ન્યાયને અપ્રમાણિકતાના સંદર્ભમાં વિચારીએ તો પૈસાદિની તૃષ્ણાવશ કે માન-મોટાઈની લાલશાવશ જે અપ્રમાણિકતા આચરે છે તેને તે પ્રકારની તૃષ્ણાની અધિકતામાં ખરેખર તો તેને નથી આત્માની મહિમા કે નથી આત્માની દરકાર! તેને તો પોતાની તૃષ્ણામાં ને માન-મોટાઈમાં જ મીઠાશબુદ્ધિ વર્તે છે!!

પૂજ્ય ગુરુદેવશ્રીના આવા ઠપકાપૂર્ણ અનેક માર્મિક વ્યવહાર-વચનોનો તાગ મેળવીને પોતાના પરિણામ સાથે મેળવણી કરીએ તો તત્ત્વની ઊંચી વાત સાંભળવા છતાં પોતે કેવળી પાસે કેમ કોરો રહી ગયો! એ સમજી શકાય છે.

છેલ્લે, ઉપરોક્ત વિષય કોઈ વ્યક્તિ કે પ્રસંગના સંદર્ભમાં નહીં પરંતુ પોતાના આત્માર્થના પોષણ માટે હોવાનું સમજીને, બંધ બેસતી પાઘડી ન પહેરી લેવી—એમ નહીં, પણ પોતાના આત્મશ્રેય અર્થે બંધ બેસતી પાઘડી બરાબર પહેરી લેવી, સતત પહેરેલી રાખવી જેથી પોતે પોતાના પરિણામથી છેતરાતો ન રહે અને આત્મહિતના માર્ગમાં ઉન્નતિ સાધી શકે....એ જ ભાવના સહ—

—જિતુભાઈ નાગરદાસ મોદી, સોનગઢ
સંપાદક : 'આત્મધર્મ'

---

(કસોટી... અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

જ્યારે રાજાને ખબર પડે છે કે ગુણપાલ શેઠ પોતાની સર્વ સંપત્તિને જેમની તેમ છોડી પોતાની પુત્રીને લઈને ચાલ્યા ગયા છે ત્યારે રાજા વિચારે છે કે એ ધર્માત્મા મને પાપી કુકર્મીને કન્યા દેવાનું ઉચિત સમજ્યા નહિ તેથી અહીંથી ચુપચાપ રાતોરાત ચાલ્યા ગયા! અહો! વાસ્તવમાં દિગમ્બર જૈનધર્મ જ જીવોનું કલ્યાણ કરવાવાળો છે. મેં કુધર્મનું સેવન કરી મારું જીવન બરબાદ કર્યું. એ પ્રકારે વિચારતાં રાજાની બુદ્ધિ-રુચિ કુધર્મથી છૂટી ગઈ અને જિનધર્માનુયાયી શેઠ ગુણપાલને શોધવા માટે ચારે બાજુ માણસોને મોકલી દીધા. ***(શ્રી નયસેનાચાર્ય રચિત ધર્મામૃતના આધારે)***



# સ્વાનુભૂતિ-દર્શન

## ( બહેનશ્રીની–તત્ત્વચર્ચા )

* શ્રોતા : રાગમાં સહજ એકાકાર થઈ જવાય છે, તેનાથી જુદો પડવાનો અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ તે સમજાવવા કૃપા કરશોજી.

પૂજ્ય બહેનશ્રી : રાગમાં એકત્વબુદ્ધિ છે તે જ ક્ષણે તેને વિચાર આવવો જોઈએ કે આ રાગ તે હું નથી, હું તો જાણનારો છું. રાગ કાંઈ મારું સ્વરૂપ નથી. જે રાગ–વિભાવભાવો છે તે આકુળતારૂપ છે, તેમાં કાંઈ શાંતિ દેખાતી નથી. આકુળતાથી જુદો રહેનારો જે શાંતસ્વરૂપ છે તેમાં રાગની આકુળતા નથી.

એવી જ રીતે ખાતાં, પીતાં કે ગમે તે કાર્યો વખતે તેને વિચાર આવવો જોઈએ કે આ શરીર જુદું, આ ખાવું જુદું, આ આહાર જુદો ને આ પેટ જુદું છે તે વખતે આ વસ્તુ સારી છે ને આ વસ્તુ ખરાબ છે તેવો રાગ આવે છે તે બધી કલ્પના છે. તે તો પુદ્‌ગલના પર્યાયો છે અને તેમાં રાગ આવે છે તે રાગથી પણ હું જુદો જાણનારો છું.

આ ખોરાક પડે તે પેટમાં પડે છે, મારા જ્ઞાયકમાં તે પડતો નથી, હું જાણનારો તેનાથી જુદો છું તેમ વારંવાર વિચાર કરે. અંતરમાં તેને તે જાતનું બેસવું જોઈએ કે રાગ આવે તે કાંઈ મારું સ્વરૂપ નથી. પોતાની મંદતાને લઈને રાગ આવે છે છતાં વિભાવની પરિણતિથી હું છૂટો છું. હું સિદ્ધભગવાન જેવો આત્મા છું. ખરેખર વિભાવ એ વસ્તુનું મૂળ સ્વરૂપ હોય નહિ અને જે સ્વરૂપ હોય તે વિભાવરૂપે ન હોય, વિભાવ તો દુઃખદાયક છે ને હું તો નિર્મળ સ્વભાવ છું, હું તો જુદો છું.—આમ અનેક રીતે વિચારે.

રાગ આવે તે ક્ષણે જ હું જુદો છું, વીતરાગ સ્વભાવ છું. રાગની આકુળતા તે મારું સ્વરૂપ નથી. હું તો શાંત સ્વરૂપ છું, વીતરાગ સ્વરૂપે છું. હું જાણનારો જ્ઞાયક છું. આ રાગની વિકૃતિ તે મારું સ્વરૂપ જ નથી.

# આત્મ-જાગૃતિ

## આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે



આત્માર્થ સિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ 'શાસ્ત્રીય અભિનિવેશ' છે. સ્વચ્છંદતા ટળી નથી અને સત્સમાગમનો યોગ પ્રાપ્ત થયો છે તે યોગે પણ સ્વચ્છંદતાના નિર્વાહને અર્થે શાસ્ત્રના કોઈ એક વચનને બહુવચન જેવું જણાવી, છે મુખ્ય સાધન એવા સત્સમાગમ તેના સમાન કે તેથી વિશેષ ભાર શાસ્ત્ર પ્રત્યે મૂકે છે, તે જીવને પણ 'અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ' છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે અને તે પણ સ્વચ્છંદરહિત પુરુષને; એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય તો તે 'શાસ્ત્રીય અભિનિવેશ' ગણવા યોગ્ય નથી.

—શ્રીમદ્ રાજચંદ્ર


Publisher : Shree Veer Kund-Kund Kahan Nihal Sogani Trust
174/C Jamnalal Bajaj Street,
KOLKATA-700007

**Printed at : Smruti Offset,**
**SONGADH- Pin 364250**

**Editor : Prasham Jitubhai Modi**
**SONGADH - Pin 364250**

સદસ્યતા શુલ્ક : વાર્ષિક : રૂા. ૩૫/–
બારહવર્ષીય : રૂા. ૩૫૦/–



If undelivered Please Return to :-

**The Editor**
"Krambaddh Nivas"
45, Kahan Nagar Society
**Songadh-364250 (INDIA)**
Phone : 09722833143

info@soganiji.com


To

PRINTED MATTER